

गिरनारी

# नेमिभक्तामर


गिरनारी
नेमिभक्तामर

ગિરનારી નેમિભક્તામર

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૦ નકલ

કિંમત : ૫૦-૦૦

સંપાદક : આચાર્ય હેમવલ્લભસૂરિ

પ્રાપ્તિસ્થાન

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનારદર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ,
જુનાગઢ-૩૬૨૦૦૧. ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯
મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
૦૨૬૧-૨૫૯૯૩૩૭

**વર્ધમાન સંસ્કાર ધામ**
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ ચર્ચ પાસે,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪

**સમકિત ગ્રુપ**
૧૪૮/૧૦૨, ચંદ્ર દર્શન, જવાહરનગર, રોડ નં. ૯,
ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૨.
મો. ૯૮૨૦૧૨૧૧૯૫

**જ્ઞાનની બારી**
જી-૧, લાભ કોમ્પલેક્ષ, ૧૭ તાલુકા સોસાયટી, નવજીવન,
અમદાવાદ-૩૮૦૦૧૪. મો. ૯૪૦૮૩૭૧૨૦૬

**મહેતા ડેરી**
તળેટી રોડ,
પાલિતાણા-૩૬૪૨૭૦. ફોન : ૦૨૮૪૮-૨૫૨૨૩૨

**Amitkumar Mahaveerji Salecha**
C/O Arham Gold, Ground Floor, Ram Rajendra Kuteer,
Isukavagu Street, R.Agraharam Guntur - 522003 (A.P)
98492 76450, 86366 47791

ચિત્રાંકન : અંકુર સૂચક - મો. ૯૮૨૪૦૮૪૧૨૨

મુદ્રક : કિરીટ ગ્રાફીક્સ : અમદાવાદ-૩૮૦૦૧૪. મો. ૯૮૯૮૪૯૦૦૬૧


# નેમિભક્તામરના રચયિતાનો પરિચય

આ નેમિભક્તામર કાવ્યના રચયિતા પ.પૂ.આ. ભાવપ્રભસૂરિજી મહારાજ સાહેબ ‘‘પૌર્ણમીય’’ ગચ્છના આચાર્ય મહિમાપ્રભસૂરિજીના શિષ્ય હતા. તેઓશ્રીએ વિ.સં. ૧૭૯૧માં જૈનધર્મવરસ્તોત્રની સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત અનેક કૃતિઓની રચનાઓ કરેલ છે.

આ કાવ્ય પ.પૂ.આ. માનતુંગસૂરિજી મહારાજ દ્વારા વિરચિત ભક્તામરસ્તોત્રની પ્રત્યેક ગાથાના ચતુર્થ ચરણની પાદપૂર્તિ રૂપ છે. તેમાં નેમિનાથ પરમાત્મા અને રાજીમતીના અધિકારનું વર્ણન કરેલ છે. વિશેષમાં આ કાવ્ય ઉપર તેઓશ્રીએ સ્વોપજ્ઞવૃત્તિ પણ રચેલ છે.

પૂર્વપુરુષ દ્વારા રચાયેલ પરંતુ વર્ષોથી ચતુર્વિધસંઘ દ્વારા અણસ્પર્શેલ રહેવાથી અંધકારમાં રહેલી આ કૃતિનો ભાવાર્થ કરીને તેને પ્રકાશમાં લાવવાના આ અલ્પપ્રયાસનો સ્વીકાર કરી સૌ વાચકગણ ગિરનાર અને નેમિપ્રભુની ભક્તિ કરવા દ્વારા વિષય-કષાયને ગાળી શીઘ્રતયા આત્મકલ્યાણ સાધે એ જ મંગલકામના.





# નેમિભક્તામરના સર્જનની પૂર્વભૂમિકા

વર્તમાન અવસર્પિણીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી નેમિનાથ ભગવાનનો જન્મ શૌરીપુરી (શૌરીપુર)માં થયો હતો. નેમિકુમાર બાલ્યાવસ્થાથી જ વૈરાગ્યના રંગથી રંગાયેલા હોવાથી લગ્નગ્રંથીમાં બંધાઈ જવા માંગતા ન હતા પરંતુ માતાપિતા તથા બંધુ શ્રીકૃષ્ણની ભાવના તેમને પરણાવવાની હતી.

શ્રીકૃષ્ણે આ કાર્ય માટે નેમિકુમારને સમજાવીને મનાવવાની જવાબદારી પોતાની રાણીઓને સોંપી હતી. પાણિ-ગ્રહણની ભાવના પ્રગટ કરવા આ રાણીઓએ દીયર નેમિકુમાર સાથે જલક્રીડા સમેત અનેકવિધચેષ્ટાઓ કરવાના પ્રયાસો કર્યા પરંતુ અડગ મનના સ્વામી નેમિકુમાર એક ના બે ન થયા. પોતાના બધાં જ દાવપેચો નિષ્ફળ જતાં જોઈને જ્યારે રાણીઓએ કટાક્ષપૂર્વક ઠપકાના અનેક કટુવચનોનો પ્રહાર કર્યો ત્યારે વૈરાગી નેમિકુમાર મૌન રહ્યા હોવા છતાં તેમના વદનકમલ ઉપર એક હળવું સ્મિત ફરકી ગયું. બસ ! આવી મુખમુદ્રા નિહાળીને ‘‘મૌનં અનુમતમ્’’ના ન્યાયે તેમના મૌનમાં રાણીઓએ તેમની વિવાહ કરવા માટેની સંમતિ માનીને શ્રીકૃષ્ણને વધામણી આપી.

શ્રીકૃષ્ણ તથા સ્વજનોએ રૂપ અને લાવણ્યની સાક્ષાત્ મૂર્તિ સમાન ઉગ્રસેનરાજાની નવયૌવન કુંવરી રાજીમતીને નેમિકુમાર માટે યોગ્ય જાણીને તેની સાથે સગાઈ કરી. કાળક્રમે લગ્નનો દિવસ આવતાં સૌ પરિવારજનોના ખૂબ હર્ષોલ્લાસપૂર્વક શ્રીકૃષ્ણ નેમિકુમારને સાથે લઈને છપ્પનકોટિ યાદવોની જાન સહિત ઉગ્રસેનરાજાને આંગણે પધાર્યા.

રાજમહેલની નજીક લગ્નમંડપને તોરણે આવતાં નેમિકુમારે પશુઓનો પોકાર સુણીને રથને ઊભો રાખ્યો. અવધિજ્ઞાનના બળે જાણતાં હોવા છતાં નેમિકુમાર પશુઓના આક્રંદનું કારણ જાણવા રથના સારથિને પૂછે છે, ઉત્તરમાં જાણવા મળ્યું કે : ''આપના વિવાહ નિમિત્તે સૌના ભોજન માટે આ પશુ-પક્ષીઓને અહીં લાવવામાં આવ્યા છે.'' આ શબ્દો સાંભળતાં જ કરૂણાસાગર નેમિકુમારે પોતાનો રથ તે પ્રાણીઓની સમીપ લઈ જવા માટે સારથિને સૂચન કર્યું.

નેમિકુમારનો રથ તે પશુઓના વાડાની નજીક પહોંચતાની સાથે જ નિર્દોષ પશુઓ ઊંચા થઈ થઈને આર્દ્રનયને પોતાની આંતરવ્યથાને ઠાલવતા હોય તેમ આતુરતાપૂર્વક ઊભા રહ્યા. નેમિકુમારે તેઓના નેત્રયુગલથી તેમની દયાજનક સ્થિતિને પામીને સૌ પશુ-પક્ષીઓને બંધનમુક્ત કરવાની આજ્ઞા ફરમાવીને પોતાનો રથ સ્વગૃહ તરફ પાછો વાળવાનો આદેશ ફરમાવ્યો.

વાતાવરણ પલ બે પલમાં અત્યંત ગમગીન બની ગયું, ચોતરફ સન્નાટો ફેલાઈ ગયો, નેમિકુમારનો રથ પાછો વળતો જોઈને માતા-પિતા તથા અન્ય સગા-સંબંધીઓએ નેમિકુમારને રોકવાના ખૂબ પ્રયત્નો કર્યા પરંતુ વૈરાગ્યરસની

મોજ માણતાં નેમિકુમારને હવે શિવવધૂ સિવાય અન્ય કોઈ કન્યાને પરણવાના અરમાન ન રહેતા તેમણે સંસારપ્રત્યે નિરીહ રહી સ્વગૃહ તરફ પ્રયાણ આદર્યું.

આ તરફ પિયુમિલનના અનેક મનોરથોના મિનારે આરુઢ થયેલ રાજીમતી પ્રિયતમની વિદાયથી દારૂણ કલ્પાંત કરવા લાગી. આઠ આઠ ભવની પ્રીતના બંધનો પળવારમાં તૂટતાં નિહાળી આકુળવ્યાકુળ બનેલી રાજીમતી અત્યંત વ્યગ્ર ચિત્ત વાળી થઈ.

બસ ! બસ ! આ ક્ષણોના રાજીમતીના હૈયાના ભાવોને જાણે વાચા આપતાં ન હોય ? તે રીતે પ. પૂ. આ ભાવપ્રભસૂરિ મહારાજાએ આ નેમિભક્તામરના આલંબનથી રાજીમતીની વિરહની વેદનાના ભાવોને શબ્દોની ગુંથણીમાં ગુંથીને એક અદ્‌ભુત કાવ્યની રચના કરી હતી.

ચાલો ! હવે આપણે તે ઐતિહાસિક નેમિભક્તામરના આંતરવૈભવને આ નેમિભક્તામરના ચિત્રો સહિત ગુજરાતી, હીન્દી અને અંગ્રેજી ભાવાનુવાદના માધ્યમથી માણીએ...

**- પ્રકાશક**

પ.પૂ.આ. **હેમવલ્લભસૂરિ** મહારાજના શિષ્ય

સ્વ. મુનિરાજ **જ્ઞાનવલ્લભવિજયજી** (સંસારી બનેવી)

તથા

સાધ્વીશ્રી **સુભદ્રાશ્રીજી** મહારાજના શિષ્યા

સાધ્વી **દર્શનરત્નાશ્રીજી** (સંસારી બેન)ના

સંયમજીવનની અનુમોદનાર્થે

: સૌજન્યદાતા :

**શાહપુર નિવાસી સુચેતાબેન સૂર્યકાંત ભોગીલાલ શાહ (હાલ-થાણા)**

હ. અ.સૌ. દિપાલીબેન સિદ્ધાર્થ સૂર્યકાંત શાહ

ચિ. તનીશ, ત્રીશા

# પ્રસ્તાવના

**આ.વિજયમુનિચન્દ્રસૂરિજી**

'નેમિભક્તામર' કાવ્ય તપસ્વી આચાર્યશ્રી હેમવલ્લભસૂરિ મહારાજના પ્રયાસથી સુંદર સાજ-સજ્જા ગુજરાતી વિવેચન સાથે પ્રગટ થઈ રહ્યું છે તે આનંદનો વિષય છે.

સ્વોપજ્ઞટીકા સાથે આ કાવ્યની રચના આચાર્ય ભાવપ્રભસૂરિજીએ કરી છે. શ્રી હીરાલાલ કાપડિયાએ આ કાવ્ય અને કર્તાની અતી કૃતિના સંપાદન પ્રસંગે પ્રસ્તાવનામાં ગ્રંથ-ગ્રંથકાર વિષે વિગતો આપી છે. અમે અહીં કેટલીક ઉપયોગી બાબતો સંક્ષેપમાં જણાવીએ છીએ.

## ગ્રન્થકાર

પૂર્ણિમાગચ્છની પ્રધાનશાખામાં ભુવનપ્રભસૂરિ - કમલપ્રભસૂરિ - પુણ્યપ્રભસૂરિ - વિદ્યાપ્રભસૂરિ - લલિતપ્રભસૂરિ - વિનયપ્રભસૂરિ - મહિમાપ્રભસૂરિના પટ્ટપ્રભાવક ગચ્છપતિ આચાર્ય ભાવપ્રભસૂરિ પ્રસ્તુત કાવ્યના કર્તા છે.

ગ્રન્થકારશ્રીના પિતા ઉદેશવંશીય માંડળ અને માતા વાહ્લિમદેવી હતા.

૧૮મી સદીમાં આચાર્ય મહિમાપ્રભસૂરિના શિષ્ય બન્યા ત્યારે એમનું નામ મુનિભાવરત્ન રાખવામાં આવેલું ગ્રન્થકારશ્રીના ગ્રંથો જોતાં તે પ્રૌઢ વિદ્વાન હોવાનું સ્પષ્ટ થાય છે. સંસ્કૃત અને મારુ ગૂર્જરમાં એમની કૃતિઓ મળે છે. એમની સંસ્કૃતભાષામાં અત્યારના વિદ્વાનો જેને હાઈબ્રીડ સંસ્કૃત કહે છે. એવા સંસ્કૃત પ્રયોગો પણ જોવા મળે છે.

ઘાંચી માટે = गाञ्छिक, હાકોટા = हक्कोट्टाः, મન દઈને = मनो दत्त्वा, નીભાડો = नी भाडकः, થાકેલ = थक्कितः,

## આચાર્ય પદવી

ગ્રન્થકારની આચાર્યપદવી વિ.સં. ૧૭૭૨માં થઈ છે. આચાર્યપદપ્રદાનનો મહોત્સવ ઘણા ધનની વ્યયપૂર્વક શ્રેષ્ઠિ તેજસીએ કર્યો હતો. એમનું નામકરણ આચાર્ય ભાવપ્રભસૂરિ થયું.

આગળ જતાં એ ગચ્છપતિ ભટ્ટારક પણ બન્યા.

## પરિવાર

ગ્રન્થકારના બે ગુરુભાઈ લક્ષ્મીરત્ન અને લાલજીનો ઉલ્લેખ મળે છે. તેમ બે શિષ્યો ભાણરત્ન અને જ્યોતીરત્નનો પણ ઉલ્લેખ મળે છે.

ગ્રન્થકારનું વિચરણ પાટણ આસપાસ વિશેષ રહ્યું લાગે છે. પાટણના ઢંઢેરવાડામાં પૂનમિયાગચ્છના ઉપાશ્રયમાં તેઓ વિશેષ રહેતા હોય એવું જણાય છે.

## પ્રસ્તુત ગ્રન્થ

'નેમિભક્તામર'માં ચતુર્થચરણ ભક્તમરસ્તોત્રનું અને ત્રણ ચરણ ભાવપ્રભસૂરિએ રચ્યા છે. આની સ્વોપજ્ઞટીકામાં ગ્રંથકારે કાવ્યનાં જુદા જુદા પદચ્છેદો દ્વારા થતા વિવિધ અર્થોની ચર્ચા કરી જ છે. ચોથું ચરણ જે આચાર્ય માનતુંગસૂરિજી રચિત છે. તેના પણ પદચ્છેદ દ્વારા જુદા અર્થો કાઢ્યા છે. સ્વોપજ્ઞટીકાના પ્રારંભમાં જ આ કાવ્યનું 'નેમિસમ્બોધન' એવું અપરનામ ગ્રંથકારે જણાવ્યું છે. ભક્તામરની જેમ કલ્યાણમંદિરની પણ પાદપૂર્તિ આચાર્ય ભાવપ્રભસૂરિએ કરી છે..

## ગ્રંથકારશ્રીની રચનાઓ

(હી.ર. કાપડિયાની પ્રસ્તાવનામાંથી)

| ગ્રંથનુંનામ | ભાષા | સ્થાન | રચના સમય |
|---|---|---|---|
| - ઝાંઝરિયામુનિ સજઝાય | ગુજરાતી | | ૧૭૫૬ |
| - શ્રી શાંતિનાથ સ્તુતિ ટીકા | સંસ્કૃત | | ૧૭૬૫ |
| - હરિબલમચ્છી રાસ | ગુજરાતી | રુપપુર | ૧૭૬૯ |
| - અમ્બડરાસ | ગુજરાતી | | ૧૭૭૫ (જેઠ વદ - ૨) |
| - જૈનધર્મવરસંસ્તવનમ્ | સંસ્કૃત(પ્ર.હે.લા ઈ.સં. ૧૯૩૩) | | ૧૭૯૧ |
| (ખોયજ્ઞ ટીકા સમલંકૃત) | | | માર્ગશીર્ષ શુક્લા. ૮ |

| ગ્રંથનુંનામ | ભાષા | સ્થાન | રચના સમય |
| --- | --- | --- | --- |
| - સમુદ્રસતી રાસ | ગુજરાતી | પાટણનગર | ૧૭૯૧ |
| - હોલિરજ (હુતાશિની) કથા | સંસ્કૃત | | ૧૭૯૨ |
| - પ્રતિમાશતકની લઘુવૃત્તિ | સંસ્કૃત(પ્ર.જૈ.આ.સ.વિ.૧૯૭૧) | | ૧૭૯૩ |
| (ભાષાંતર સાથે પ્રકાશક - ભીમશી માણેક વિ.સં. ૧૯૫૯) | | | (માઘ શુક્લા ગુરુવાસરે) |
| - બુદ્ધિલવિમલાસતી રાસ | ગુજરાતી | | ૧૭૯૯ |
| (આધ્યાત્મિક સ્તુતિ) | | | |
| (ઉઠી સવેરે ત્યાદ્યાક્ષરત્મિકા) | ગુજરાતી | | |
| - અષાઢભૂતિ સજ્ઝાય | ગુજરાતી | | |
| - કિંકર્પૂરમય મિત્યાદ્યાક્ષરાત્મક | ગુજરાતી | | |
| - સ્તોત્રનો બાલવબોધ | ગુજરાતી | | |
| - ગહુંલીકાર્થ | સંસ્કૃત | | |
| - જ્યોતિર્વિદામરણ ટીકા | સંસ્કૃત | | |
| (સુખબોધિકાનામ્ની) | | | |

| | |
|---|---|
| - [1]ત્રયોદશકાઠિયા સજ્ઝાય | ગુજરાતી |
| - નયોપદેશાવચૂરિ | સંસ્કૃત |
| - નવવાડ સ્વાધ્યાય | સંસ્કૃત |
| - [2]નેમિનાથ માસ (૧૨) | ગુજરાતી |
| - નેમિભક્તામરમ્ (સ્વોપજ્ઞ ટીકા અલંકૃત) | સંસ્કૃત |
| - પર્યુષણ અષ્ટાહ્નિકા વ્યાખ્યાન | સંસ્કૃત |
| - મહાવીરસ્તોત્ર વૃત્તિ (સ્તોત્ર રત્નાકરમાં ભા.-૨, પૃ. ૬૧-૬૪ માં પ્રકાશિત) | સંસ્કૃત |
| - માતૃકાપ્રકરણ | ગુજરાતી |
| - સભાચમત્કાર | ગુજરાતી |

૧. જુઓ સજ્ઝાયમાલા પ્રથમ વિભાગ (પૃષ્ઠ-૭૭)

૨. શ્રી પુનિમગચ્છ ગુણનિલો પ્રધાનશાખા કહેવાય... શ્રુત અભ્યાસ પરંપરા રે પુસ્તકનો સમુદાય રે ગુરુ શ્રી મહિમાપ્રભસૂરિનો ભાવરતન સુજગીસો રે... વિચક્ષણ શ્રાવક-શ્રાવિકા રે સાંભલે સુનિશદીશો રે... આવો અંતે ઉલ્લેખ.

પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કરી પ્રભુ નેમનાથ ભગવાનના ધ્યાનમાં ડૂબીએ....આત્મકલ્યાણ કરીએ...

* * *

મોહનલાલ દ. દેસાઈના 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને હીરાલાલ ર. કાપડિયાના 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' ભાગ : ૧-૨-૩, ગુજરાતી સાહિત્ય કોશ ખંડ - ૧માં કેટલીક વિશેષ વિગત ગ્રંથકારની ગ્રંથ રચના વિષે મળે છે તે આ પ્રમાણે છે.

૧) મહોપાધ્યાય યશોવિજયગણિના નયોપદેશ ઉપર લઘુવૃત્તિ. આ લઘુવૃત્તિ નયોપદેશની સ્વોપજ્ઞવૃત્તિ નામે નયામૃતતરંગિણી તેમજ ભાવપ્રભસૂરિકૃત પ્રસ્તુત લઘુવૃત્તિ સાથે જૈન ધર્મ પ્રસારક સભા દ્વારા વિ.સં. ૧૯૬૫માં પ્રગટ થઈ છે.

૨) મહિમાપ્રભરાસ રચના વિ.સં. ૧૭૮૨ ઢાળ-૯

૩) ચંદ્રપ્રભસૂરિરાસ (રચના ઇ.સં. ૧૬૯૮) ૨૯૫ કડી

૪) હરિબલમચ્છીનોરાસ (રચના ઇ.સં. ૧૭૧૩-સંવત ૧૭૬૯) ૮૪૯ કડી

૫) જયવિજયનૃપરાસ (રચના ઇ.સં. ૧૭૧૩)

૬) ધન્યબૃહદ્ (શાલિભદ્ર)રાસ - ધન્યરાસ (રચના ઈ.સં. ૧૭૧૬) ૪૨ ઢાળ, ખંડ - ૨

૭) અંબડરાસ (રચના ઈ.સં. ૧૭૧૯-સં.૧૭૭૫)

૮) સુકડી ઓરસિયા સંવાદ (રચના ઈ.સં. ૧૭૨૬)

૯) સુભદ્રાસતીનો રાસ (રચના ઈ.સં. ૧૭૪૧) ૨૦ ઢાળ

૧૦) બુદ્ધિવિમલાસતી રાસ - વિમલાસતી રાસ (રચના ઈ.સં. ૧૭૪૨) ખંડ - ૨

આમાંથી બે અને પાંચ ક્રમાંના રાસ અને જિનસંખ્યાદિ વિચારમય દોધક બાલાવબોધ વગેરે કર્તાના હસ્તાક્ષરમાં મળે છે.

આ ઉપરાંત સજ્ઝાયો, સવૈયા, બાલાવબોધ વગેરે વિપુલ સાહિત્યનો ગુજરાતી સાહિત્ય કોશમાં ઉલ્લેખ છે. આ ઉફરાંત ગુજરાતી સાહિત્ય કોશ પૃ.૨૮૨માં જણાવ્યું છે કે 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચિ'માં મહિમાપ્રભના નામે મૂકવામાં આવેલી 'મુહપત્તિ પચ્ચાસ પડિલેહણ સજ્ઝાય'ના કર્તા પણ પ્રસ્તુત ભાવપ્રભ હોવા સંભવ છે.

આમ ભાવપ્રભસૂરિજીએ વિપુલ સાહિત્ય રચ્યું છે. ગુજરાતી સાહિત્ય કોશ પ્રમાણે ભાવપ્રભસૂરિનો સમય ૧૭મા સૈકાનો ઉત્તરાર્ધ અને ૧૮માનો પૂર્વાર્ધ છે. આ ઈસ્વીસન પ્રમાણે હોય તેમ લાગે છે. મો.દ. દેસાઈએ વિ.સં. ૧૭૬૯-૧૭૯૯ લખ્યો છે. આ ગ્રંથોનો રચનાકાળ જણાવે છે.

* * *

## The Pre-Story behind the Creation of "Nemi Bhaktamar"

- In the current downward time cycle, 22nd Tirthankara Lord Neminath was born in the town named "Shauripuri". Lord Neminath was observing celibacy since childhood. Even in the younger age, he was detached from the attractions of the mundane materialistic life. Hence, he was not interested in getting trapped by the bondage of marriage. But, provoked by their affection for Nemikumar, Parents & brother (cousine) Krishna were keenly interested in the marriage of Nemikumar.

- King Krishna handed over this big task of convincing Nemikumar for marriage to his queens. It was difficult to invoke desire for marriage in the heart & mind of brother-in-law Nemikumar, but still all queens tried hard to lure and coax Nemikumar in wordly sensual pleasures by playing with him in water lakes or by doing various types of other exciting activities. All their efforts were unfruitfull. When after many such deceitful plans, they found Nemikumar undisturbed and immovable like a mountain, they started taking with him in taunting language & started giving obigations and also started thrashing him with harsh words.

- Nemikumar stayed calm and peaceful. He patiently protected his internal tranquility in this heavy attack of sharp weapons made of words. Almost untill the end, he kept silence but in the end seeing their worthless efforts and feeling pity for all queens for their ignorance, little (faint) smile appeared on his Lotus face.

- At that moment, all queens took his little smile as a symbol of approval & acceptance of marriage. They felt and assumed that they convinced Nemikumar for marriage and so, all queens gave this good news to King Krishna. Listening about Nemikumar's approval from his queens, Krishna started finding suitable bride for Prince Nemi with the help of Nemi's parents. The beautiful daughter of King Ugrasen named Raajimati was appropriate for Nemikumar. Parents & family members arranged engagement of both and decided marriage date in few days.
- Time quickly passes by in various preparations of marriage on both sides. Eventually, the day of marriage arrived, Everybody were excited & enthusiastic for marriage ceremony. With joy and pompous celebration, family members of groom started marital procession. With all 56 crore Yadav dynasty participating, finally they reached near the courtyard of King Ugrasen's palace.
- Near the palace, while going towards marriage ground, Nemikumar heard pity sound of crying animals. He asked charioteer to stop the chariot. Seeing through his third knowledge (Avadhi Gyaan), Prince Nemi realised the reason behind animals crying, still he asked charioteer to find out why these animals were crying. Charioteer went there and came back with answer. He told prince "All these animals are brought here to prepare food for special guests on the occassion of your marriage ceremony."

- Nemikumar's heart was filled with compassion. He got overwhelmed by intention of such violence. He directed his charioteer to bring chariot in the direction of animals. Seeing Nemikumar's chariot, all innocent animals started looking at Prince Nemi with the hope of getting free from the danger of death. Looking at their tearful eyes and their frightened faces reflecting their inner fear; Nemikumar ordered to remove them from bondages. Immediately after freeing those animals, he asked charioteer to return back and refused to go towards marriage ground.
- The entire atmosphere was filled with sad feelings. For few movements nobody could speak anything. Seeing Nemikumar's chariot returning back, Parents and all family members requested and tried hard to stop Prince Nemi by various means but.... but.... Nemikumar, now submerged in the ocean of compassion and feeling completely detached from this materialistic world, was not interested in getting married to any wordly bride. His eyes were now set only on one bride, a bride called "Salvation", a bridge named "Libration".
- On the other side, Raajimati was awaiting to meet Prince Nemi, the Ruler of her heart. She had her own imaginations and her own desires for their wedding. She was excited for their first meet. Before even meeting for a minute, seeing the farewell of groom's chariot, she was completely broken inside her heart. All her plans and feelings were shattered. She can't stop herself from crying. The affection she had since last eight births was broken by Nemikumar in fraction of second. She lost her senses and became restless. She was heavily disturbed inside.

- Particularly in these moments, feelings felt by Raajimati and thoughts running through her mind are composed by poet in various stanzas of this beautiful creation. ParamPujya Aacharya Shri Bhavprabh Suriji, the creator of "Nemi Bhaktamar", used this stotra as a reflector of pain and suffering felt by Raajimati due to seperation from Nemikumar. He used nice garland of words and beautiful immaginations to open up Raajimati's heart and her inner feelings in this marvellous, magnificent and mesmerizing master piece.
- Lets walk through this stotra ! Lets feel this historical event and realize internal glory of characters through the medium of "Nemi Bhaktamar", and it's Gujarati, Hindi and English translations and also through pictorial medium of nice sketches, helping to grasp poet's imagination and to go beyond the words in the world of word-less experience.

* * *

# પૂર્વચરણ

## (૧) ગરવા ગિરનારની પાવનધરા...

ગિરનારના સાધક પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજાની નિશ્રા...

વિક્રમ સંવત ૨૦૫૮ની સાલમાં કોઈ ધન્યપળે મારા હાથમાં એક પુસ્તક આવ્યું... અંદર નજર કરી તો શબ્દો વંચાયા "નેમિભક્તામર" ! હું આશ્ચર્યચકિત થઈ ગયો કે શું પૂ.આ. માનતુંગસૂરિ મહારાજાના રચેલા આદિનાથ પ્રભુના ભક્તામર સિવાય અન્ય કોઈ પ્રભુનું પણ ભક્તામર અસ્તિત્ત્વમાં હોઈ શકે ? અત્યંત જિજ્ઞાસા અને કુતૂહલ સાથે આ ભક્તામરના શબ્દો દૃષ્ટિગોચર થતાં ખૂબ ભાવવિભોર થઈ ગયો.

આઠ-આઠ ભવોથી પ્રીતીના સંબંધોથી જોડાયેલા નેમિકુમાર જાન લઈને હજુ લગ્નમંડપ સુધી પહોંચે તે પહેલાં તો કરૂણાસાગર એવા નેમિકુમાર પશુઓના પોકારને સાંભળી તેનું કારણ જાણી જાન પાછી વાળે છે...

પિયુ મિલનના મનોરથોના મિનારે ચઢેલી રાજીમતી જાન પાછી વળતી જોઈને મૂર્છિત થઈ ઢળી પડે છે અને થોડીક જ ક્ષણોમાં જ્યારે પુનઃ સ્વસ્થતા પામે છે...

બસ ! એ અવસરના રાજીમતીના હૈયામાં રહેલી આંતરવ્યથાના ભાવોનો X-RAY પૂ.આ. ભાવપ્રભસૂરિ મહારાજના માનસપટ ઉપર ઝીલાય ગયો હોય અને તેમાં તેઓશ્રીએ નિહાળેલી વિરહની વ્યથા અને વેદનાનો એક વ્યવસ્થિત રિપોર્ટ આ "નેમિભક્તામર"ના સર્જનના માધ્યમથી રજૂ કર્યો હોય તેવું લાગે !

૩૬-૩૬ શ્લોકો સુધી પ્રિયત્તમ એવા નેમિપ્રભુને કઠોર અને નઠોર શબ્દોમાં અનેક ઠપકાઓ-ઉપાલંભો આપ્યા બાદ રચનાકારે રાજીમતીના ભાવોની દિશાને વૈરાગ્યની વાટે પલટો આપ્યો અને સ્તોત્રની પૂર્ણાહૂતી સુધીમાં તો પરમપદ પર્યંત પહોંચાડવાનું અદ્ભુત કાર્ય કર્યું છે.

વર્ષોથી અણસ્પર્શાયેલા આ કાવ્યનો ભાવાનુવાદ લગભગ ૧૮ વર્ષ પૂર્વે થયો હતો અને સેંકડો વર્ષના ઈતિહાસમાં ગિરનારની છત્રછાયામાં પ્રાયઃ પ્રથમવાર થઈ રહેલ સામુહિક ચાતુર્માસિક આરાધના દરમ્યાન પ.પૂ.આ. હિમાંશુસૂરિમહારાજ સાહેબની પાવનનિશ્રામાં નિત્ય પ્રાતઃકાલીન દેવવંદન દરમ્યાન આ નેમિભક્તામર સ્તોત્રનો પાઠ ચતુર્વિધસંઘમાં થતો હતો. પરંતુ ત્યારબાદ સમય-સંયોગને આધિન આ સ્તોત્ર તરફ વિશેષ લક્ષ આપી શકાયું નહીં.

તાજેતરમાં વર્તમાન વિશ્વમાં જ્યારે ચારેકોરે “જય ગિરનાર” “જય નેમિનાથ” અને “જય જય ગરવો ગિરનાર”....નો નાદ ગુંજી રહ્યો છે ત્યારે આ કાવ્યને પ્રકાશમાં લાવવાનો વિચાર આવ્યો અને અમલ પણ થયો.

અંકુરભાઈ સુચકની કલાથી શ્લોકોને વાચા આપતાં ચિત્રોનું સર્જન થયું...

સા. સંસ્કારનિધિશ્રીજીના શિષ્યા દ્વારા હિન્દી અને કોઈ ગિરનારપ્રેમી પુણ્યવાન્ દ્વારા ઇંગ્લીશ ભાવાનુવાદ થયો...

સંશોધન આદિ અસાધારણ શ્રુતભક્તિમાં સદારત રહેતા પ.પૂ.આ. મુનિચન્દ્રસૂરિ મહારાજાએ સહજતાથી પ્રસ્તાવના લખી આપવા તૈયારી બતાવીને મોટો ઉપકાર કર્યો...

આ સ્તોત્રના શુદ્ધિકરણ આદિ માટે પૂ.આ. કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર-કોબા, શ્રી આત્માનંદ જૈન સભા-ભાવનગર, જૈન પ્રસારક સભા આદિ સંસ્થાના ટ્રસ્ટીગણ-કાર્યકરોના સાથ-સહકાર બદલ તેઓનો ઋણી છું.

પ્રાંતે આ પ્રકાશના અથથી લઈ ઈતિ પર્યંતના બધા કાર્યોમાં ચતુર્વિધ સંઘના જે કોઈ નામી-અનામી પુણ્યવાન્ સહાયક બન્યા છે તેઓનો પણ અત્યંત ઋણી છું.


આ નેમિભક્તામર સિવાય અન્ય એક પ્રાચીન નેમિભક્તામર તથા શાંતિનાથ-પાર્શ્વનાથ અને મહાવીરપ્રભુના પણ જે પ્રાચીન ભક્તામરો ઉપલબ્ધ છે તેને પણ અવસરે પ્રકાશમાં લાવવાની ભાવના છે.

આ પુસ્તકના સંપાદન કાર્યમાં જે કોઈ ક્ષતિઓ રહેવા પામી હોય તે અંગે વિદ્વદ્વર્ય પૂજ્યો તથા વાચકવર્ગ અંગુલીદર્શન કરાવશે તો ભાવિમાં તે ક્ષતિઓને દૂર કરવાનો અવકાશ રહેશે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમા ચાહુ છું.


**વિ.સં. ૨૦૭૫**
**અ.સુ.૮ નેમિપ્રભુ મોક્ષકલ્યાણકદિન**
**તપોવન.**

**લિ. ગુરૂપાદરેણુ**
**હેમવલ્લભવિજય**



## गिरनारी

# नेमिभक्तामर



भक्तामर ! त्वदुपसेवन एव राजी–
मत्या ममोत्कमनसो दृढतापनुत् त्वम्;
पद्माकरो वसुकलो वसुखोऽसुखार्त्ता,
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

**હે દેવાધિદેવ !**

ગ્રીષ્મઋતુની કાળઝાળ ગરમીના અવસરે તૃષાતુર જીવો માટે સરોવરનું શીતલજલ જેમ આધાર બને છે, ચકોર માટે સુકલાયુક્ત ચન્દ્ર જેમ આધાર બને છે, વિરહની વ્યથાથી પીડાતા ચક્રવાક મિથુન માટે સૂર્ય જેમ આધાર બને છે, વળી ઉન્માર્ગમાં પડતા જીવોને માટે દૃઢ તાપને દૂર કરનાર એવો તું જેમ આધાર બને છે તેમ

હે સ્વામી ! તારા ચરણકમલની સેવા કરવા ઉલ્લસિત મનવાળી એવી આ રાજીમતીનો પણ તું આધાર થા !

(એવું જણાવી રાજીમતી નેમિપ્રભુના ચરણકમલની ચાકરી માટે આજીજી કરે છે.)

## हे देवाधिदेव !

ग्रीष्मऋतु की भयंकर गर्मी में तृषातुर जीवों के लिए सरोवर का शीतलजल जिस तरह आधार बनता है, चकोर के लिए सुकलायुक्त चन्द्र जिस तरह आधार बनता है, विरहव्यथा से पीडित चक्रवाक मिथुन के लिए सूर्य जिस तरह आधार बनता है, उन्मार्ग पर चढे हुए जीवों के लिए असह्य ताप को दूर करनेवाले ऐसे आप जिस तरह आधार बनते हो, उसी तरह

हे स्वामी ! आपके चरणकमल की सेवा करने के लिए उल्लसित मनवाली ऐसी इस राजीमती के भी आप आधार बनो !


**(इस तरह राजीमती नेमिप्रभु के चरणकमल की सेवा करने के लिए प्रार्थना करती है।।)**

## *Oh Lord of all Divine Beings !*

The way the cool water of a lake becomes the sole support for the thirsty living beings in the scorching heat of the summer season; The way the moon becomes the sole support for the bird that enamors the moon; The way the sun becomes the sole support for the birds separated in darkness; The way you become the sole support for the souls burning heavily on the path of madness and ignorance;

Oh Lord! Similarly, become the support for Raajimati also whose sole desire is to be a servant of your feet!

**(Raajimati says this and pleads Nemi Prabhu to allow her to serve his lotus feet.)**



पित्रोर्मुदे सह मयोपयमं यदीन्द्र !
नोरीकरिष्यसि तदा तव काऽत्र कीर्त्तिः ?;
जग्राह यो हि गृहिकर्म विधाय वृत्तं,
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।।२।।

**હે નાથ !**

માતા-પિતાની ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે સજ્જનપુરુષો મોતની પરવા કરતા નથી તેથી આપ માતા-પિતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે પણ જો મારી સાથે લગ્ન નહીં કરો તો

હે સ્વામી ! આ જગતમાં તમારી આબરૂ અને ઈજ્જત શું રહેશે ? વળી જો તમે પૂજનીય એવા માતા-પિતાની પણ ઈચ્છા પૂર્ણ નહીં કરો તો પોતાના સ્વાર્થ ખાતર સગા મા-બાપને પણ નિરાશ કરતાં એવા તમારા નામ સ્મરણ અને સ્તુતિ-સ્તવનાને બદલે જેણે પ્રથમ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરી દીક્ષાને ગ્રહણ કરી છે એવા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ (આદિનાથ) ભગવાનની હું સ્તુતિ કરીશ.

## हे नाथ !

माता–पिता की इच्छाओं को पूर्ण करने के लिए सज्जन पुरुष मौत की भी परवाह नहीं करते। तो आप अपने माता–पिता की इच्छा पूर्ण करने के लिए भी यदि मेरे साथ शादी नहीं करोंगे तो,

हे स्वामी ! जगत में आपकी क्या इज्जत रहेगी ? यदि आप पूजनीय ऐसे माता–पिता की भी इच्छा पूर्ण नहीं करोंगे तो, स्वयं के स्वार्थ के लिए अपने माँ–बाप को भी निराश करनेवाले ऐसे आपके नाम स्मरण और स्तुति–स्तवन के बदले, जिन्होंने प्रथम गृहस्थधर्म को स्वीकार करके बाद में दीक्षा ग्रहण की है, ऐसे प्रथम तीर्थंकर श्री ऋषभदेव (आदिनाथ) भगवान की मैं स्तुति करुंगी।

## *Oh Lord !*

Virtuous men don't even worry about death when they want to serve their parents hence if you don't marry me only to fulfil the wishes of your parents then how will anybody in this world respect and honor you? If you don't even fulfil the wishes of your honorable parents by giving into your selfish reasons, then rather than worshipping you I shall worship Shri Rishabh Dev Bhagvan who first accepted Grihsta Dharma (duty of a husband) before taking the vow of renunciation.



रम्यं गृहं च रमणीं रमणीयराढां,
भोगान् समं प्रवरबन्धुजनैरपास्य;
तारुण्ययुग् यदुपते ! त्वदृतेऽङ्ग दीक्षा-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥३॥

**હે યદુકુલનંદન !**

મનોહર એવા રાજમહેલને, સુંદર રૂપલાવણ્યવાળી રમણીને (રાજીમતીને), બાળપણથી ખેલકૂદાદિમાં સાથે રહેનારા એવા બંધુજનો વગેરે સાથેના ભોગનો ત્યાગ કરીને હે સ્વામી ! તમારા સિવાય અન્ય કયો યુવાન દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા રાખે ?

## हे यदुकुलनंदन !

मनोहर ऐसे राजमहल का, सुंदर रुपवती रमणी का (राजीमती का), बचपन से खेलकूदादि में साथ रहनेवाले ऐसे बंधुजनादि के साथ भोगसुखों का त्याग करके हे स्वामी ! आपके सिवा अन्य कौन युवक दीक्षा ग्रहण करने की इच्छा रखे ?

## *Oh Lord of the Yadu Race !*

Which young person other than you would desire to take a vow of renunciation by sacrificing the pleasures of a palatial house, love of a beautiful woman (Raajimati), and the friends with whom you have played throughout your childhood?



रोद्धुं क्षमो जिन ! करोऽपि ममाबलाया-
स्त्वामुद्वलं हि भवदागमजातवीर्यः ;
न स्यान्मुनीश ! लवणेशगृहीतशक्तिः,
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥४॥

**હે વીતરાગ !**

જો લવણસમુદ્રના સ્વામી પાસેથી શક્તિ પ્રાપ્ત કરનાર વ્યક્તિ પોતાના બે હાથ વડે સમુદ્રને તરવામાં સમર્થ બને છે તો મારા જીવનમાં તમારા આગમનથી અબળા એવી મને પણ જે શક્તિ પ્રાપ્ત થયેલ છે, તેના દ્વારા, શું મારા હાથ તમને દીક્ષા લેતા અટકાવવામાં સમર્થ નહીં બની શકે ?

## हे वीतराग !

यदि लवणसमुद्र के स्वामी से शक्ति प्राप्त करनेवाला व्यक्ति अपनी दोनों भुजाओं से समुद्र को तैरने में समर्थ बनता है तो, मुझ अबला के जीवन में आपके आगमन से मुझे जो शक्ति प्राप्त हुई है, उसके द्वारा, क्या मेरे हाथ आपको दीक्षा लेने से रोकने में समर्थ नहीं बन सकते ?

## *Oh Lord! Oh you detached soul!*

If a person, received the power and capacity, is able to cross a big wide ocean with his own hands then your arrival has given power to a meek submissive person like me. Isn't that power capable enough to stop you from taking vow of renunciation?



भद्रं चकर्थ पशवेऽपि यथा तथा त्वं,
तूर्णं कृपापर ! ममैह्यसुरक्षणार्थम्;
रिष्टाश्रितां खलु धवो महिलां समन्तुं,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥५॥

**હે દયાનિધિ !**

જેમ તમે પશુઓના પ્રાણની રક્ષા ખાતર તેમના ઉપર દયા આણી તેમનું કલ્યાણ કર્યું તેમ હું તમારા વિરહની વેદનાથી મૃત્યુના દ્વાર ભણી ધકેલાયેલ છું તો હે કૃપાવતાર ! તમે મારા પ્રાણની રક્ષા કરવા માટે શીઘ્ર આવો !

શું પોતાના બાળકના બચાવ માટે કષ્ટમાં સપડાયેલ અપરાધી એવી પણ પોતાની પત્નીને બચાવવા માટે તેનો પતિ પુરૂષાર્થ નથી કરતો ?

## हे दयानिधि !


जिस तरह आपने पशुओं के प्राणों की रक्षा के लिए उन पर दया करके उनका कल्याण किया है, उसी तरह मैं आपके विरह की वेदना से मृत्यु के द्वार खटखटा रही हूँ, तो आप मेरे प्राणों की रक्षा करने के लिए शीघ्र आओ !

क्या अपने बच्चे के बचाव के लिए कष्ट में पडी अपराधी ऐसी भी अपनी पत्नी को बचाने के लिए उसका पति पुरुषार्थ नहीं करता ?

## *Oh Merciful Lord !*

The way you showed compassion and mercy towards the suffering of animals, come ! show the same compassion towards me who is hopelessly standing at door of the death, come and save me!

For saving his child will not a husband be effortfull to save his criminal wife, who is caught in a danger ?



तीक्ष्णं वचोऽप्यभिहितं मयका हितं यत्,
तत् ते भविष्यतितरां फलवृद्धिसिद्ध्यै;
यद्हेलिधाम तपतीश ! भृशं निदाधे,
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥६॥

**હે નાથ !**

ગ્રીષ્મઋતુના અત્યંત તપતાં સૂર્યના કિરણોથી જ આંબાને મનોહર એવી મંજરીની પ્રાપ્તિ થાય છે તે રીતે કઠોર પરંતુ હિતકારી એવા મારા આ આકરા અને અણગમતા વચનો પણ હે સ્વામી ! તમારા રાજ્યાદિક સમૃદ્ધિના સુખરૂપી મીઠાં ફળની વૃદ્ધિ માટે જ થશે.

## हे नाथ !

ग्रीष्मऋतु के अत्यंत प्रचंड सूर्य की किरणों से ही आम को मनोहर ऐसी मंजरी प्राप्त होती है । उसी तरह कठोर परंतु हितकारी ऐसे मेरे ये तीक्ष्ण और नापसंद वचन भी हे स्वामी ! आपके राज्यादिक समृद्धि के सुखरुपी मीठे फल की वृद्धि के लिए ही होंगे ।

## *Oh Lord !*

The mango tree gets its mango flowers only due to the scorching heat of the sunrays of the sun in the summer season! Similarly, these words that I am saying may sound rude, insolent and spiteful to you but they will bring the fruits of wealth and prosperity of kingdom to you !



आगच्छ कृच्छ्रहर ! हृच्छयचित्रपुङ्ख –
लक्षीकृतां कृशतनुं क्षम ! रक्ष मां त्वम्;
त्वत्सङ्गमे क्षयमुपैष्यति मेऽतिदुःखं,
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥७॥

**હે કષ્ટનિવારક !**

તમે આવો ! હે સ્વામી ! કામદેવના તીક્ષ્ણ બાણો વડે વિંધાયેલી એવી દુર્બળ દેહવાળી હું તમારા વિયોગની વેદનાના દુઃખરૂપી અંધકારથી સાવ બાવરી(બેબાકળી) બની છું. બસ ! હવે તો જેમ રાત્રિના અંધકારનો નાશ સૂર્યના કિરણોના આગમન માત્રથી થાય તેમ હે મારા નાથ ! તમારું આગમન જ મારા દુઃખરૂપી અંધકારને ભેદવા માટે સમર્થ બની શકશે.

## हे कष्टनिवारक !

आप आओ ! हे स्वामी ! कामदेव के तीक्ष्ण बाणों से विंधि हुई दुर्बल देहवाली मैं आपके वियोग की वेदना के दुःख रुपी अंधकार से बावरी बनी हूँ। बस ! अब तो जिस तरह रात्रि के अंधकार का नाश सूर्य की किरणों के आगमन मात्र से होता है, उसी तरह आपका आगमन ही मेरे दुःख रूपी अंधकार का नाश करने के लिए समर्थ बन सकता है।

## *Oh Reliver of all the suffering!*

Come ! Oh Lord ! I, the one with a weak body, struck by the arrows of love, am going insane due to the darkness caused by the pain of separation! Just come! As the darkness of the night can only be destroyed by the arrival of the first rays of sun, it is only your arrival that is capable of removing the darkness of pain that I feel in my heart!



उद्यत्तडिद्घनघनाघनगर्जितेऽहि–
भुग्भाविते नभसि नौ नभसीन ! देहे;
घर्मोत्कटादिरिव दन्तुरतां विषण्णो,
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

**હે સ્વામી !**


શ્રાવણમાસમાં આકાશ જ્યારે મોરના ટહૂકાઓથી મિશ્રિત, ચમકતી વીજળીથી શોભાયમાન થતા ગાઢ એવા મેઘરાજની ગર્જનાથી યુક્ત બને છે ત્યારે, ઉષ્ણતાની તીવ્રતાને કારણે જેમ ખિન્ન બનેલા કામદેવ મોતી જેવી શ્વેતપ્રભાવાળા ઉન્નત દંતપણાને પ્રાપ્ત કરે છે, તે રીતે હે સ્વામી ! મેઘ સમાન શ્યામલ દેહવાળા તમારા અને વીજળી સમાન ચમકતા એવા મારા દેહ ઉપર જલબિંદુ શ્વેતમોતીની પ્રભાને ધારણ કરશે...

## हे स्वामी !

श्रावण महिनें में जब आकाश, मोर की आवाज से मिश्रित, चमकती बिजली से शोभित होते गाढ मेघराज की गर्जना से युक्त बनता है तब, उष्णता की तीव्रता के कारण जिस तरह खिन्न बना कामदेव मोती के जैसी श्वेतप्रभावाले उन्नत दंतकी पंक्ति को प्राप्त करता है, उसी तरह हे स्वामी ! मेघ के समान श्याम देहवाले आपके और बिजली के समान चमकते मेरे देह पर जलबिंदु श्वेत मोती की प्रभा को धारण करेंगे ।

## *Oh Lord !*

The way Kaamdev, forlorn and dejected due to the scorching heat of the summer, finally shows his pearl like teeth through a wide smile, when the sky is adorned by dark rainy clouds, that are accompanied by the shine of the lightning and the sound of thunder combined with the melodious sound of the peacocks dancing at the arrival of monsoon, just like that, your body, dark as a cloud and my body, shining like the shine of the lightning; a droplet of water will shine like a pearl resting on our bodies.



पश्येद्दृशीति सखिता मदनादरः किं ?
नृत्यन् मयूरनिकरोऽब्दघटां समीक्ष्य;
मैत्र्या भवन्ति भगवन् ! प्रभया प्रकर्षं,
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥९॥

**હે જ્ઞાનીપુરુષ !**

શ્યામલ વાદળોની હારમાળાને નિરખીને મોરલાઓનો સમુદાય નૃત્ય કરવા માંડે છે અને સૂર્યની પ્રભાના પ્રભાવથી સરોવરોમાં કમળોનો સમુહ અત્યંત વિકસિત થાય છે, મિત્રતા આવા પ્રકારની હોય છે તે તમે જુઓ !

હે ભગવાન્ ! ભવોભવની પ્રીત સ્વરૂપ આપણી મૈત્રી હોવા છતાં પણ તમે મારા પ્રત્યે અનાસક્ત ભાવવાળા શા માટે રહો છો ?

## हे ज्ञानीपुरुष !

श्याम बादलों की हारमाला को देखकर मोर का वृंद नृत्य करने लगता है और सूर्य की प्रभा के प्रभाव से सरोवर में कमल का समूह अत्यंत विकसित होता है, देखो ! मित्रता ऐसी होती है ।

हे भगवान् ! भवोभव की प्रीति स्वरुप हमारी मैत्री होने के बावजूद भी आप मेरे प्रति क्यों अनासक्त हो ?

## *Oh Wise man !*

The congregation of peacocks starts dancing with joy at the sight of the dark clouds lined up in the sky; the congregation of lotuses in the lakes starts blooming with joy with the arrival of the first rays of the sun at the advent of the morning; this is the true form of friendship! Can you see?

Why have you detached yourself from me in spite of our friendship that has lasted for last eight lives?



किं त्वं स नैव चल ! काऽऽगतिका तवैषा,
जन्याः प्रसूर्जनयिता सहजाश्च जामिः;
श्यामाऽप्यहं च इति वर्गमिमं विवाह
भूत्याऽऽश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

**હે ચંચલ ચિત્તના સ્વામી !**

જાનૈયા, જનની, જનક, બંધુ, ભગિની આદિ સ્વજનો તથા રૂપલાવણ્યથી યુક્ત યુવતી એવી હું, આ બધા તમારા માટે ઉપસ્થિત હોવા છતાં તમે મારી સાથે વિવાહ કરી મારો સ્વીકાર કરતા નથી.

ક્ષત્રિયનો ધર્મ તો શરણે આવેલ આશ્રિતનું રક્ષણ કરવાનો છે જ્યારે તમે તો મારી ઉપેક્ષા કરો છો તો તમારા ક્ષત્રિયપણાથી શું ?

તો તમારા આવા આગમનથી શું ?

## हे चंचल चित्तके स्वामी !

बाराती, माता, पिता, भाई, बहन आदि स्वजन तथा रुप लावण्य से युक्त नवयुवती ऐसी मैं, ये सब आपके लिए उपस्थित होने के बावजूद भी आप क्यों मेरे साथ विवाह करके मुझे स्वीकार नहीं करते ?

क्षत्रिय का धर्म तो शरण में आए हुए आश्रित का रक्षण करना है जबकि आप तो मेरी उपेक्षा कर रहे हो। आपके आगमन से मुझे क्या लाभ ?

## *Oh Ruler of Weavering Minds !*

This whole wedding procession, your mother, your father, brothers and sisters, other relatives and I, adorned with the glow of beauty, are all present for you and you are not willing to marry me.

The Dharma (duty) of a Kshatriya (Warrior) is to give shelter to those who have come seeking his refuge. What have I gained by your arrival when you have maintained this distance and ignored me completely?



दृष्ट्वाभवं तमनिमेषविलोकनीयं,
नान्यत्र तोषमुपयाति मदीयचक्षुः;
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः,
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥११॥

**હે મારા નાથ !**


અનિમેષ નયને તમને નિરખ્યા પછી મારા નેત્રયુગલ બીજે ક્યાંય સંતોષ પામતા નથી, શું ચંદ્રકિરણની પ્રભાવાળા ક્ષીર સમુદ્રના જલનું પાન કર્યા બાદ લવણસમુદ્રના ખારા જળનો આસ્વાદ લેવાની કોઈ ઈચ્છા કરે ?

## हे मेरे नाथ !

अनिमेष नयन से आपको निहारने के बाद मेरे नेत्रयुगल अन्यत्र कहीं पर भी संतुष्ट नहीं होते । क्या चंद्रकिरण की प्रभावाले क्षीर समुद्र के जल का पान करने के बाद लवणसमुद्र के खारे जल का आस्वाद लेने की कोई इच्छा करेगा ?

## *Oh My Lord !*

My eyes, having looked at you this whole time without blinking even once, are not satisfied with the sight of anything else. Would anybody want to taste the salty water of a salt ocean after having tasted the water of a fresh water lake touched by the shimmering moonlight?



राज्ञो महामृगमदाकुलमण्डलस्य,
दैत्यारिमार्गगमनस्य तमोऽदितस्य;
चक्षुष्य ! चारुचतुराक्षिगतस्य किञ्च,
यत् ते समानमपरं न हि रुपमस्ति ॥१२॥

**હે સોભાગી !**

જેમ સંપૂર્ણ મંડલમાં કસ્તુરી આદિ સુગંધી દ્રવ્યયુક્ત મૃગલાંછનવાળા, ગગનરૂપી દેવોના માર્ગમાં ગમન કરનાર, અંધકારથી પરાજય નહીં પામતા તથા મનોહર ચતુરોની આંખને વિશે રહેલા ચન્દ્ર સમાન અન્ય કોઈ રૂપ નથી,

તે રીતે ગજેન્દ્રના મદથી વ્યાપ્ત મંડલવાળા, દૈત્યરૂપી દુશ્મનના માર્ગમાં ગમન કરનાર, અજ્ઞાનથી રહિત તેમજ મનોહર કુશળ મનુષ્યોના નેત્રોને વલ્લભ એવા તમારા સમાન ખરેખર અન્ય કોઈનું રૂપ નથી.

## हे सोभागी !

जिस तरह संपूर्ण मंडल में कस्तुरी आदि सुगंधी द्रव्ययुक्त मृगलंछनवाले, गगनरूपी देवों के मार्ग में गमन करनेवाले, अंधकार से अपराजित तथा मनोहर चतुरों की आँखों के लिए चन्द्र के समान अन्य कोई रुप नहीं,

उसी तरह गजेन्द्र के मद से व्याप्त मंडलवाले, दैत्यरुपी दुश्मन के मार्ग में गमन करनेवाले, अज्ञान से रहित तथा मनोहर कुशल मनुष्यों के नेत्रों को प्रिय ऐसे आपके समान अन्य किसीका रुप नहीं है।

## *Oh Blessed Soul !*

In this whole universe, no other beauty can come closer to the beauty of the moon with the symbol of a musk deer, the moon that is moving about in this sky full of deities, the moon that never gets defeated by the darkness and renders perennial bliss to the awaiting birds.

Same way, there is no other personality as powerful and blissful as you to the eyes of us humans who are wandering in this universe full of lustful pleasures and who in their ignorance are moving amidst the enemies in form of demons and sins.



त्वत् सद्वियोग वनमेव गता तथापि,
तीव्रातपोद्धतपराभवभाविताऽहम्;
'शैवेय' ! देव ! जलजाङ्क्ति जातमेतद्,
यद्वासरे भवति पांडुपलाशकल्पम् ॥१३॥

**હે દેવ ! હે શિવાનંદ !**


હું નિત્ય જલક્રીડા, ગૃહાંગણ કે જંગલ આદિ સ્થળોમાં જવા છતાં તમારા વિરહના તીવ્ર સંતાપથી પીડિત છું, જેના કારણે તમારી હયાતિ સ્વરૂપ પ્રકાશમાન દિવસ હોવા છતાં આ વન ફીક્કા પડેલા પલાશવૃક્ષના જેવું ભાસે છે.

## हे देव ! हे शिवानंद !

मैं नित्य जलक्रीडा, गृहांगण अथवा उपवन आदि स्थानों में जाने के बावजूद भी आपके विरह की तीव्र वेदना से पीडित हूँ जिसके कारण आपकी उपस्थिति स्वरुप प्रकाशमान दिन होने पर भी यह उपवन मुरझाए हुए पलाशवृक्ष की तरह लगता है।

## *Oh Lord ! Oh Shivanand !*

I daily go out to play with water in the streams, in the courtyard of my house and in forests but I remain full of sorrow due to my separation from you. Hence, even when your existence makes the days bright, I remain like a forest full of trees that are completely barren and desolate!



व्याहारमेड इव मे यदि नो शृणोषि,
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा;
नेतर्नरा भुवि भवन्ति गताङ्कुशा ये,
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥१४॥

**હે ત્રિભુવનનાયક !**

તમે જાણે બહેરા હો તેમ મારા આ વચનોને સાંભળવા જ જો તૈયાર ન હો તો મારા આ શાબ્દિક મનોહર સુખોને છોડીને આપ ચાલ્યા જાઓ !

આ જગતમાં તમારા જેવા જે સ્વચ્છંદી મનુષ્યો પોતાની ઈચ્છા મુજબ જ વિચરતા હોય તેઓને કોણ અટકાવે ?

## हे त्रिभुवननायक !


यदि आप बधिर की तरह मेरे इन वचनों को नहीं सुन रहे हो तो, मेरे इन शाब्दिक मनोहर सुखों को छोडकर चले जाओ !

इस विश्व में आप जैसे स्वच्छंदी मनुष्य स्वयं की इच्छा के अनुसार ही विचरते रहे तो उन्हें कौन रोके ?

## *Oh Lord of the three worlds!*

Now if you are going to be deaf and not listen to anything that I say, then it is better that you go away from the pleasure of the sweet words that I speak.

In this world, who can stop selfish people like you who wander about the world according to their own whim!



ध्यानं विधेहि कुरु रैवतके तपांसि,
विद्धीति मां हरिसुतोऽस्थिरमाशु कर्ता;
यज्जन्ममात्रलघुगात्रजिनांह्रितो नो,
किं मंदराद्रिशिखरं चलितं कदाचित् ? ॥१५॥

**હે નેમિનાથ !**

તમે ભલે યોગી બનીને ધ્યાન ધરો ! અરે ! રૈવતગિરિ ઉપર તપશ્ચર્યાઓ પણ કરો ! પરંતુ આ વાત ખ્યાલમાં રાખશો કે, જેમ તરતના જન્મેલા એવા મહાવીરપ્રભુના ચરણના અંગુઠાથી મેરુપર્વતનું શિખર કંપાયમાન થયું હતું તેમ મેરુ જેવા અડગ મનવાળા એવા તમને પણ આ કામદેવ એક દિવસ જરૂર ચલાયમાન કરશે.

## हे नेमिनाथ !

आप भले ही योगी बनकर ध्यान धरो ! अरे ! रैवतगिरि पर तपश्चर्यायें भी करो ! परन्तु यह बात ध्यानमें रखना कि जिस तरह नवजातशिशु ऐसे महावीर प्रभु के चरण के अंगूठे से मेरुपर्वत का शिखर कंपित हुआ था, उसी तरह मेरू जैसे अचल मनवाले ऐसे आपको भी यह कामदेव एक दिन जरुर चलित करेगा।

## *Oh Neminath !*

You may become an ascetic! You may go to Raivatgiri and observe strict vows! But take this in your consideration that, the way the toe of a newly born Mahavir Prabhu shook the whole of Meru Mountain, same way, one day Kaamdev (the God of Love) shall shake your strong determination and move you from your ascetism.



तत्रोषितं निधुवनाय समागतास्त्वां,
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य;
वक्ष्यन्ति मोहिततरा इति कामरूपो,
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

**હે નાથ !**

રતિક્રિયા માટે પોતાની સખીઓ સાથે આવેલી દેવાંગનાઓ જ્યારે તમારા જેવા સૌંદર્યવાન પુરુષને રૈવતગિરિ ઉપર જોશે ત્યારે તે તમારા ઉપર અત્યંત મોહિત થઈને કહેશે કે-

હે નાથ ! કામદેવ સમાન રૂપવાળા એવા તમે આ જગતમાં પ્રકાશ પાથરનારા અપૂર્વ દીપક છો !

## हे नाथ !

रतिक्रिया के लिए अपनी सखियों के साथ आयी हुई देवांगनायें जब आप जैसे सौंदर्यवान पुरुष को रैवतगिरि पर देखेंगी तो वे आप पर अत्यंत मोहित होकर कहेंगी कि,

हे नाथ ! कामदेव समान रुपवाले ऐसे आप इस विश्व में प्रकाश फैलानेवाले अपूर्व दीपक हो !

## *Oh Lord !*

When the Goddesses, along with their female friends, would come to Raivatgiri to play, they will get attracted to a handsome person like you and they will say,

Oh Lord! You, like a Kaamdev (The God of Love), are like a lamp that shall illuminate the whole world by spreading light and joy.



त्वद्ध्यानभाज्यपि पुनर्मयि नो गताया-
मिष्टार्थबाधकबृहद्विरहान्धकारम्;
सद्धर्मधाम्नि सहजोद्यमधौतदोष:
सूर्यातिशायिमाहिमाऽसि मुनीन्द्रलोके ॥१७॥

**હે યોગીશ્વર !**

સંતોષને ધારણ કરવારૂપ સહજ ઉદ્યમ દ્વારા શુભધર્મના મંદિર સ્વરૂપ જે યોગીજનો છે તે યોગીજનોના કર્મરૂપી રાત્રિનો અંધકાર ભેદવા માટે આપ સૂર્ય કરતાં પણ વધારે પ્રભાવશાળી છો. પરંતુ હું તમને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તમારા વિરહરૂપી અંધકારથી પીડીત છું અને તેને દૂર કરવા હું હંમેશા તમારું ધ્યાન ધરું છું, છતાં મારા વિયોગરૂપી અંધકારનો નાશ કરવા આપ અસમર્થ હોવાથી હું તમને સૂર્ય કરતાં વધારે ચડિયાતા કેવી રીતે માનું ?

## हे योगीश्वर !

संतोषको धारण करने रुपी सहज उद्यम के द्वारा शुभधर्म के मंदिरस्वरूप जो योगीजन है वो योगीजनों के कर्मरूपी रात्रि के अंधकार का नाश करने के लिए आप सूर्य से भी अधिक प्रभावशाली हो । परंतु में आपको प्राप्त करने की इच्छासे आपके विरह रुपी अंधकारसे पीडीत हूं और उसे दूर करने के लिए हंमेश आपका ध्यान करती हूं, फिर भी मेरे वियोगरुपी अंधकार का नाश करने के लिए आप असमर्थ होने के कारण मैं आपको सूर्य से भी अधिक प्रभावशाली कैसे मानुं ?

## *Oh Yogishwar !*

You may be more powerful to destroy the darkness of the karmas than the sun who is powerful to destroy the darkness of the night, because you are destroying the darkness of karmas from the lives of Yogis who are like the temple of righteousness. But I, with the whim to get you, am suffering from the darkness due to your separation and to destroy this darkess I always meditate you; But why should I consider you more powerful than the sun when you cannot destroy this darkness that has spread through my heart because of our separation?



वक्त्रं जिनात्र वसतः प्रणिधानभाजो,
विश्वासतो मृगशिशुव्रजचुम्बितं सत्;
संदृश्यते बहुललक्षणभावितं ते,
विद्योतयज्जगदपूर्वशशांकबिंबम् ॥१८॥

**હે જિનવર !**

રૈવતગિરિ ઉપર જ્યારે તમે સમાધિયોગથી યુક્ત નિશ્ચલ ભાવે રહેલા છો ત્યારે,

ચંદ્રથી પણ અધિક શોભાને ધારણ કરતું આપનું મુખ હરણોના બાળકોના સમુહ વડે ચુંબન કરાતું, અનેક લક્ષણોથી યુક્ત તથા વિશ્વમાં સમ્યગ્જ્ઞાન રૂપી પ્રકાશને ફેલાવતું અનેક આત્માઓ વડે જોવાય છે.

## हे जिनवर !

रैवतगिरि पर जब आप समाधियोग से युक्त निश्चल भाव में रहे हो तब

चन्द्र से भी अधिक शोभा को धारण करनेवाला आपका मुख हिरणोके बच्चो द्वारा चुंबन कराता, अनेक लक्षणो से युक्त तथा विश्व में सम्यग्ज्ञान रूपी प्रकाश को करनेवाला अनेक आत्माओ के द्वारा देखां जाता है।

## *Oh Lord of all Jains !*

On Raivatgiri, when you are immerged in deep ascetic meditation,

your face, possessing more beauty than the moon, is kissed by the little babies of the deers, possess immense virtues, spreads the light of Samyakgyan (Right Knowledge) across this world and is watched by many souls.



उद्योग एष भवता क्रियातां किमर्थं ?
किं वाऽथ ते नु वरवस्तुन ऊनमस्ति ?;
त्वामेव वीक्ष्य शितिभं समुदो मयूर्यः,
कार्यं क्यिज्जलधरैर्जलभारनम्रैः ? ॥१९॥

## હે પરમાત્મા !

મયૂરીને ઉલ્લસિત કરવા જલધારાથી ભરેલા એવા શ્યામવર્ણના ઘનઘોર મેઘની ઉપસ્થિતિ જરૂરી હોય છે પરંતુ જ્યારે શ્યામવર્ણવાળા એવા તમારા મનોહરરૂપને જોઈને જ મયૂરીઓ હર્ષિત બની જાય છે તો પછી જલના ભાર વડે નમ્ર બનેલ એવા મેઘનું કાંઈ કામ રહેતું નથી.

તે જ રીતે સામાન્યથી તપશ્ચર્યા, ધ્યાનાદિ યોગના પ્રભાવે રાજઋદ્ધિ આદિ ભોગ સામગ્રીઓ પ્રાપ્ત થતી હોય છે. પરંતુ જ્યારે તમને સહજમાં જ આ રાજ્યાદિક ભોગ સામગ્રીઓની પ્રાપ્તિ થઈ ચૂકી છે તો હવે તમારે શાની ખોટ છે ? કે તમે તપશ્ચર્યા, ધ્યાન સમાધિ આદિ યોગોમાં નિરર્થક પુરૂષાર્થ કરો છો.

## हे परमात्मा !

जिस तरह मयूरी को उल्लसित करने के लिए जलधारा से भरे हुए श्यामवर्ण के घनघोर बादल की उपस्थिति जरुरी होती है, परन्तु जब श्यामवर्णवाले आपके मनोहर रुप को देखकर ही मयूरियाँ हर्षित बन जाती हैं तब, जल के भार से नम्र बने बादल की कोई जरूरत नहीं रहती।

उसी तरह सामान्य से तपश्चर्या, ध्यानादि योग के प्रभाव से राज ऋद्धि आदि भोग की सामग्रियाँ प्राप्त होती हैं परन्तु आपको तो सहजता से ही ये राज्यादिक भोगसामग्रियाँ प्राप्त हो गयी हैं तो अब आपको क्या कमी है ? आप तपश्चर्या, ध्यान, समाधि आदि योगों में क्यों निरर्थक पुरुषार्थ कर रहे हो ?

## *Oh God !*

Dark, black clouds full of rain water are necessary for giving pleasure to the peacocks! Your black countenance is sufficient for giving ultimate happiness to the peacocks and hence there is no need for the clouds that have become softer due to presence of rain water.

Normally, one gets wealth, prosperity and such pleasures by putting lots of efforts in observing strict vows and pennance. But you have received all these without making any efforts. Then what is it that now you are lacking ? why are you undertaking efforts in observing vows and austerities?



इच्छावरं वरमिति स्वजनेन नुन्ना,
वच्मीत्यहं द्रुतकराब्जनिरुद्धकर्णाः;
रत्ने यथा जनतया क्रियतेऽभिलाषो,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

**હે પ્રાણપ્રિય !**


તમે રથ ફેરી પાછા ફરી રહ્યા છો ત્યારે મારા સ્વજનો તમને છોડીને અન્ય વરની પસંદગી કરવાની પ્રેરણા કરે છે તે અવસરે હું મારા કરકમલ વડે શીઘ્ર મારા બંને કાનને ઢાંકીને લોકોને કહું છું, ‘‘જગતમાં લોકો રત્નની અભિલાષા રાખે પરંતુ તેને છોડીને અનેક કિરણોથી યુક્ત એવા કાચના કટકાની અભિલાષા કયો મૂરખજન રાખે ?’’

## हे प्राणप्रिय !

आप रथ को मोडकर वापिस जा रहे हो तब मेरे स्वजन मुझे आपको छोडकर अन्य वर को पसंद करने की प्रेरणा कर रहे हैं । उस समय मैं अपने करकमलों से दोनों कानों को बंद करके लोगों को कहती हूँ कि, ''विश्व में लोग रत्न की अभिलाषा रखते हैं लेकीन उसे छोडकर अनेक किरणों से युक्त ऐसे काँच के टुकडे की कौन मूर्ख अभिलाषा रखें ?''

## *Oh Beloved!*

Soon after you turned back your chariot from the wedding place, my relatives started searching for another groom for me. I closed my ears with my hands and told them, "People, in this world, desire to get gem stones but which foolish person would desire for mere pieces of glass?



भव्ये ! मनोहरवरो भविता भवत्या:
किं नेमिनाऽसहशुचा च किमित्थमाल्या ?;
वाच्यं किमत्र यदि मे न भवानिवान्य:,
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥

**હે પ્રિયે !**


આ ભવમાં કે પરભવમાં તમારા સિવાય અન્ય કોઈ પુરુષોત્તમ મારા મનને હરવા માટે સમર્થ નથી તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. તો પછી "તને નેમિકુમાર કરતાં પણ અધિક મનોહર વરની પ્રાપ્તિ થશે તેથી તું શોક ન કર." એવા મારી સખીઓના આશ્વાસન વચનથી મારે શું ?

## हे प्रिये !

इस भव में अथवा परभव में आपके सिवाय अन्य कोई पुरुषोत्तम मेरे मन को जीतने में समर्थ नहीं होगा, ऐसा मुझे संपूर्ण विश्वास है। तो ''तुजे नेमिकुमार से भी अधिक  मनोहर वर प्राप्त होगा इस लिऐ तुं शोक करना छोड दे ।'' ऐसे मेरी सखियों के आश्वासन वचनों से मुझे क्या ?

## *Oh Beloved!*

I firmly believe that no other man will ever be capable to attract my heart the way you have attracted me, either in this birth or in any of my next births. Then, what should I do with the hollow sympathetic words of my friends and relatives saying, “You will find a better groom than Nemikumar. Therefore do not panic.”



अस्या न दूषणमतो हि भवानसह्योऽबाधः
कृतान्तजनको भवतीश ! सोऽपि;
साताय सर्वजगतां च शिवा यमर्कं,
प्राच्येव दिग् जनयति स्फूरदंशुजालम् ॥२२॥

**હે જગનાથ !**


પૂર્વદિશા સ્વરૂપ શિવામાતા દ્વારા સકલવિશ્વના સુખ-શાંતિ અને કલ્યાણ માટે આ સૃષ્ટિ ઉપર સૂર્ય સમાન તમારા જન્મરૂપી ઉદય થયો હોવા છતાં સૂર્યના તાપની જેમ તમે મારા કઠોર વચન દ્વારા પણ બાધાને પામતા નથી અને તમારા વિરહની પીડાના કારણે મારા માટે તો તમે મરણાન્ત કષ્ટદાયી બનેલ છો. તેમાં તમને જન્મ આપનાર શિવામાતાનો શો દોષ ?

## हे जगनाथ !

पूर्वदिशा स्वरुप शिवामाता के द्वारा सकलविश्व की सुख-शांति तथा कल्याण के लिए इस सृष्टि पर सूर्य समान आपका, जन्मरूपी उदय होने के बावजूद भी सूर्य के ताप की तरह आप मेरे कठोर वचन से भी बाधा नहीं पाते और आपके विरह की वेदना के कारण मेरे लिए तो आप मरणान्त कष्टदायी बने हो । उसमें आपको जन्म देनेवाले शिवामाता का क्यां दोष ?

## *Oh Lord of the world!*

Shivaamaata, has given birth to you, the way eastern direction gives birth to the Sun. Your birth, they say, shall bring peace, prosperity and happiness for the whole world. But the fact that I am separated from such a person, who will bring happiness to the world, is bringing extreme pain to me till my last breath. But it is not Shivaamaata's fault.



चेतश्चमच्चरिकरीषि दरीश्रितानां,
तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसङ्गी;
आदर्शधाम्नि धृतकेवलचक्रिवत् किं,
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ? ॥२३॥

**હે યોગીશ્વર !**

અતિ વિષમ એવા રૈવતાચલના શિખરો ઉપર રહીને તમે અતિ કષ્ટદાયક એવા તીવ્ર તપશ્ચર્યાદિ વ્રતો ગ્રહણ કરીને ગુફાઓમાં વસનારા અનેક આત્માઓના ચિત્તને અતિશય આશ્ચર્ય પમાડો છો.

પરંતુ આરીસાભુવનમાં ધ્યાનની ધારામાં ડૂબકી લગાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા ભરત ચક્રવર્તીની જેમ શું મુક્તિપદનો કઠોર તપવ્રતાદિ સિવાય કોઈ કલ્યાણકારી માર્ગ નથી ?

## हे योगीश्वर !


अति विषम ऐसे रैवताचल के शिखर पर रहकर आप अति कष्टदायक तीव्र तपश्चर्यादि व्रत ग्रहण करके गुफाओं में रहनेवाले अनेक आत्माओं के चित्त को अतिशय आश्चर्य करवा रहे हो।

परन्तु आरीसाभुवन में ध्यान की धारा में डूबकर केवलज्ञान प्राप्त करनेवाले भरत चक्रवर्ती की तरह क्या मुक्तिपद का कठोर तपव्रतादि के सिवा अन्य कोई कल्याणकारी मार्ग नहीं है ?

## *Oh Yogishwar !*

You surprise the hearts of many souls, residing in the caves, by observing extremely difficult austerities and vows on the tough peaks of Raivatachal Mountain.

But isn't there any other way of attaining ultimate liberation like the way Bharat Chakravarti attained Keval Gyaan in his own mirror palace rather then observing severe penance, vows etc ?



पूर्णं व्रतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपसाऽस्त्वलमन्यकृत्यैः;
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं,
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

**હે નાથ !**

સંતજનો જો જ્ઞાનના સ્વરૂપને અસહાય, નિર્મલ તેમજ શિવસુખરૂપી કમલના વિકાસમાં કારણભૂત માને છે તો પછી વ્રત, પચ્ચક્ખાણ, ક્રિયાની શું જરૂર છે ? વિહારાદિ ગમનાગમનની પણ શું જરૂર છે ? અરે ! લોચાદિ કષ્ટો અને ઘોર તપશ્ચર્યાદિની પણ શું સાર્થકતા રહે છે ? તેથી અન્ય ધર્માભાસ સ્વરૂપી ક્રિયાકાંડથી બસ હવે ઘણું થયું !

## हे नाथ !

संतजन यदि ज्ञान के स्वरुप को निःसहाय, निर्मल तथा शिवसुख रूपी कमल के विकास में कारणभूत मानते हैं तो फिर व्रत, पच्चक्खाण, क्रिया की क्या जरुरत है ? विहारादि गमनागमन की भी क्या जरुरत है ? अरे ! लोचादि कष्ट और घोर तपश्चर्यादि की भी क्या सार्थकता रहती है ? इसलिए अन्य धर्माभास स्वरूपी क्रियाकांड अब बहुत हुआ !

## *Oh Lord!*

Saints claim that "knowledge" is itself pure and capable for the blooming of happiness of salvation. Then why does one need to observe austerities, celibacy or any other vows and rituals? Why is it required to wander from one place to another? What is the use of bearing such difficulties and observing such strict austerities? Enough ... enough of these vows and rituals!



बालश्चिखेलिथ सुरैः कृतनर्मकर्मै-
र्धीरो भवंश्च समितौ भुवनेषु जिष्णुः;
सत्त्वात् पुनः स च गृहीति किमत्र गण्यो,
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥२५॥

**હે ભગવાન !**

બાળક બનીને આપે દેવો સાથે બાળક્રીડાઓ કરી છે, ધર્મસભા અને યુદ્ધાદિ અવસરે ઈર્યાસમિતિ વગેરે પરાક્રમો વડે આપ દુનિયામાં જયનશીલ બન્યા છો, તેથી હવે તમે જ આ પૃથ્વી ઉપર પુરુષોત્તમ ગણી શકાવ કે નહીં ? અર્થાત્ આપ જ આ પૃથ્વી ઉપર પુરુષોત્તમ છો !

## हे भगवान !

बालक बनकर आपने देवों के साथ बालक्रीडायें की, धर्मसभा तथा युद्धादि के अवसर पर ईर्यासमिति आदि पराक्रमों के द्वारा आप दुनिया में जयनशील बने हो, इसलिए अब आप ही इस पृथ्वी पर पुरुषोत्तम हो !

## *Oh God!*

You played with the celestial beings just like a child, you defeated everybody on the battlefield as well as religious congregations and hence you can be considered the best man {Purshottam} wandering on this earth. It means you are the best man on this earth.



पूर्वं प्रभो ! प्रबलपूरितपाञ्चजन्यः,
के प्रेङ्खित्ताच्युतभुजो हसितोऽस्य दारैः;
मौनं श्रितः परिणये विमुखोऽधुनैवं,
तुभ्यं नमो जनभवोदधिशोषणाय ! ॥२६॥

**હે દીનબંધુ !**

પહેલાં તો આપે પાંચજન્ય નામનો શંખ ફૂંક્યો પછી અખાડામાં કૃષ્ણનો હાથ પલવારમાં વાળી દીધો ત્યારબાદ જળાશયમાં કૃષ્ણની રાણીઓ દ્વારા આપ હાંસી પાત્ર બન્યા વળી અંતે લગ્ન કરવા બાબતના વાર્તાલાપમાં આપે મૌન ધારણ કર્યું એવા સકલજનના અને મારા સંસાર સાગરનું શોષણ કરનારા હે પ્રભુ ! તમને મારા નમસ્કાર થાઓ !

## हे दीनबंधु !

पहले तो आपने पांचजन्य नामक शंख फूँका, बाद में अखाडे में कृष्ण का हाथ क्षणमात्र में मोड दिया । उसके बाद जलाशय में कृष्ण की रानियों के द्वारा आप उपहास पात्र बनें और अंत में विवाह की बात के वार्तालाप में आपने मौन धारण किया । ऐसे सभी जनों का तथा मेरे संसार सागर का शोषण करनेवाले हे प्रभु ! आपको मेरा नमस्कार हो !

## *Oh Friend of underprivileged!*

First you blew a conch shell named "Paanch Janya" and then you twisted Krishna's arm in the playground within a moment. Thereafter you were laughed by Krishna's queens in the lake. In the end you kept silent when your relatives talked about your marriage! oh Lord! I bow down to you, who have destroyed the birth-cycles of the people and my self too.



त्वं चेच्छिवात्मज इतीश ! शिवाय मे किं ?
नारिष्टनेमिरिति चेदशुभच्छिदेऽपि;
स्वैर्वा निरुक्तवशतो मयि सानुकूलः,
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

**હે જગવલ્લભ !**

જો આપ શિવાદેવી (શિવ = કલ્યાણ, શિવાદેવી = કલ્યાણ કરનારી દેવી) ના નંદન એટલે કે પુત્ર હો તો મારું કલ્યાણ કેમ નથી કરતા ? વળી જો આપ અરિષ્ટનેમિ (અરિષ્ટ = આફત, નેમિ = ચક્ર, અરિષ્ટનેમિ = આફતને છેદનાર ચક્ર) એવા અર્થપૂર્ણ નામને ધરાવતા હો તો મારા અશુભનું તથા તમારા વિરહરૂપી મારી આફતનું છેદન કરનાર સ્વપ્નમાં પણ શા માટે જોવાતા નથી ?

## हे जगवल्लभ !

यदि आप शिवादेवी (शिव - कल्याण, शिवादेवी - कल्याण करनेवाली देवी ) के पुत्र हो तो मेरा कल्याण क्यों नहीं करते ? और यदि आप अरिष्टनेमि (अरिष्ट-आपत्ति, नेमि-चक्र, अरिष्टनेमि-आपत्ति का नाशक चक्र) ऐसे अर्थपूर्ण नामको धारण करते हो तो मेरे अशुभ का तथा आपके विरह रूपी मेरी आपत्ति का नाश करनेवाले स्वप्नमें भी क्यो नहीं दिखे जाते ?

## *Oh Dearest to all!*

If you are the son of Shiva Devi (Shiv = Blessing, Shiva Devi = Goddess of Blessing) then why are you not blessing me? And then you have been given the name Arishtnemi very meaningful (Arisht = difficulty, Nemi = Wheel, Arishtnemi = Wheel that destroys difficulties) then even in dreams why are you not been seen as destroying these difficulties that I am facing due to our separation ? [As per your name you should be able to look at my convenience but look at this situation where you are only causing inconvenience to me! Become a person who thinks of my convenience! Become a person who fulfills my wishes!]



वेत्थेति नाद्रिवसते ! विशदं ध्रुवं त्वां,
सौवं मतं प्रतिविभातमिदं ब्रवीति;
रागीभवद् विकचकोकनदश्रियाऽरं,
बिम्बं रवेरिव पयो धरपार्श्ववर्ति ॥२८॥

**હે વીતરાગી !**

રૈવતાચલ ઉપર સૂર્યનું કિરણ વિકસિત કમળના પુષ્પની જેમ હંમેશા રક્તવર્ણનું અર્થાત્ રાગી થાય છે (રાગનો એક અર્થ લાલવર્ણ-રક્તવર્ણ એવો પણ થાય છે), વળી ગિરિની કોતરોમાંથી વહેતું નિર્મલ એવું ઝરણાનું જલબિંદું પણ નિત્ય પ્રભાતે સૂર્યોદય અવસરે રક્તવર્ણનું (રાગી) થવાનો સંદેશ જગતને પહોંચાડે છે, તો રૈવત પર્વત પર વસનાર મારા નાથ ! આપ મારા પ્રત્યે રાગવાળા કેમ નથી થતા ?

## हे वीतरागी !

रैवताचल पर सूर्य का किरण विकसित कमल के पुष्प की तरह हमेशा रक्तवर्ण का अर्थात् रागी होता है। (राग का एक अर्थ लालवर्ण – रक्तवर्ण ऐसा भी होता है ), गिरि की दरारों से बहते निर्मल झरनें की जलबूंदें भी नित्य प्रभात में सूर्योदय के समय रक्तवर्णीय (रागी) बनने का संदेश जगत को पहुँचाती हैं। तो रैवत पर्वत के उपर बसनेवाले मेरे नाथ ! आप मेरे प्रति रागी क्यों नहीं बनतें ?

## *Oh Detached Soul!*

The first rays of the sun falling on Raivatachal take the hue of blood :- red color, the color of lotus, the color of attachment! The water flowing from the narrow ravines on Girnar Mountain also takes this color of attachment every morning when the sun rises and spread the message about love and attachment! Then why don't you, the habitant of Raivatgiri, become attached to me?

[Here, the poet has shown his great prowess as a poet, by taking two different meanings of the word "Raag" - One is the red colour and another love / attachment.]



स्वामिन् ! 'समुद्र विजया' वनिपालसूनो !,
स्तादीश्वरोऽत्र यदहार्यगतिं तवेमाम् !;
कान्ति निवारयति विष्णुपदोदितां
कस्तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ॥२१॥

**હે સ્વામી ! હે સમુદ્રવિજયના નંદન !**


ગિરનાર ગિરિવર ઉપર આપ ઈશ્વર છો ! આપ મહાદેવ છો ! તેથી જેમ ઉદયાચલની હારમાળા ઉપરથી આવતી સૂર્યની કાંતિને રોકવા માટે કોઈ સમર્થ નથી તે રીતે રૈવતાચલ પર રહેલા એવા આપની ક્રાન્તિને-ઈચ્છાને પણ રોકવાનું કોઈનું સામર્થ્ય નથી.

## हे स्वामी ! हे समुद्रविजयके नंदन !

गिरनार गिरिवर पर आप ईश्वर हो ! आप महादेव हों ! इसलिए जिस तरह उदयाचल की हारमाला के ऊपर से आती हुई  सूर्य की कांति को रोकने के लिए कोई समर्थ नहीं है, उसी तरह रैवताचल पे रहे हुए आपकी कान्ति–इच्छा को भी रोकने का किसी का भी सामर्थ्य नहीं है।

## *Oh Lord! Oh Son of Samudravijay!*

You are the Lord of Girnar Mountain! You are Mahadev  (the supreme God) ! The way nobody is able to stop the rays of sun coming from Udayachal, same way, nobody has the capability or power to overcome your whim.



सारेच्छुदुर्लभमतोऽफलमेव मन्ये,
मुख्यं महेश ! महतोऽप्यपरोपकृत् ते;
सिद्धागमार्थवरमुच्चदशं स्वरुप
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

**હે મહાપ્રભુ !**

જેમ ઉત્તુંગ એવા સુવર્ણમય મેરુપર્વત ઉપર રહેલ ચંદનાદિ વૃક્ષો તથા ઉત્તમ વસ્તુઓ દ્વારા શ્રેષ્ઠ બનેલું એવું શિખર સામાન્યથી લોકોના કોઈ ઉપકાર માટે બનતું નથી વળી જે મનુષ્ય ધનની ઈચ્છા રાખતા હોય છે તેમના માટે પણ આ સ્થાન દુર્લભ હોવાથી તે નિરર્થક બને છે. તેમ રૈવતગિરિવરના ઉચ્ચ સ્થાનમાં રહેલા એવા આપના ઉત્તમ અને અનોખા એવા અગમ્ય સ્વરૂપને સામાન્યથી કોઈ પામી શકતું નહીં હોવાથી આપ લોકોના ઉપકાર માટે બનતા નથી. આપની શ્રેષ્ઠતાના દર્શનની દુર્લભતાના કારણે પણ આપ સર્વજન માટે નિરર્થક બનો છો.

## हे महाप्रभु !

जिस तरह ऊँचे सुवर्णमय मेरुपर्वत पर रहे हुए चंदनादि वृक्ष और उत्तम वस्तुओ के द्वारा श्रेष्ठ बना हुआ ऐसा शिखर सामान्य से लोगों के लिए उपकारी नहीं है तथा जो मनुष्य धन की इच्छा रखता हो, उसके लिए भी यह स्थान दुर्लभ होने के कारण निरर्थक हैं । उसी तरह रैवतगिरि के ऊँचे स्थान में रहे हुए आपके उत्तम तथा अनोखे अगम्य स्वरुप को सामान्य से कोई प्राप्त नहीं कर सकता, इसलिए आप लोगों के लिए उपकारी नहीं हो तथा श्रेष्ठता के दर्शन की दुर्लभता के कारण भी आप सर्व जन के लिए निरर्थक हो ।

## *Oh Supereme Lord!*

Because of sandal wood trees that have grown on the topmost peaks and due to the another valuable things, the golden Meru mountain has became the best. But it is neither attainable for common people nor beneficial to them. Also such places and things are unattainable by the people who are desirous of money and such other worldly pleasures hence they are irrelevant for such people. Similarly, your best and highest form as the Lord residing on Raivatachal Mountain is neither attainable for common people nor beneficial to them. Also your ultimate form is not easily visible to anybody. Hence your such unattainable form is infact irrelevant for common people!



उच्चोपलासनमशीतकरातपत्रं,
वातोच्चलद्वितततनिर्झरचामरं च;
देवार्चित ! त्रिकामिहास्तु तवैवमेव,
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

**હે દેવાધિદેવ !**


ગિરનાર ગિરિવર ઉપર (૧) ઉચ્ચપાષાણરૂપી આસન (૨) સૂર્યરૂપી શિરછત્ર અને (૩) પવનવેગ વડે ઊંચા જતાં તેમજ વિસ્તાર પામતાં એવા ઝરારૂપી ચામરો, આ ત્રણેય વિશિષ્ટતાનો સંગમ આપના ત્રિભુવનના પરમેશ્વરપણાની સાક્ષી પૂરે છે.

## हे देवाधिदेव !

गिरनार गिरिवर पर (१) उच्चपाषाण रूपी आसन (२) सूर्य रूपी शिरछत्र तथा (३) पवन वेग के द्वारा ऊँचे जाते तथा विस्तृत बनते ऐसे झरने रूपी चामर, इन तीन विशिष्टताओं का संगम आपके त्रिभुवन के परमेश्वरत्व की गवाही देता है।

## *Oh Lord of Lords!*

On the Girnar Mountain, 1) Your throne is the highest of the rocks 2) The umbrella over your head in form of the Sun 3) The streams, resembling chaamars, flowing and expanding with the breeze, these combination of three specialities provide ample testimony to the fact that you are the sole and supreme Lord of these three worlds!



उक्तेष्वमीषु वचनेषु मयाऽमृतानि,
जानीध्वमादृतरुषाऽप्यनुरागयुक्त्या;
नेत्रादिषु प्रथितसाम्यगुणेन मे हि,
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३२॥

**હે જગવિભુ !**

જેમ પંડિત પુરુષો મારા નેત્રયુગલ તેમજ મુખને જોઈને કમલની કલ્પના કરે છે તેમ આપના વિરહની વેદનાથી પીડિત થયેલી એવી મારા વડે કઠોર છતાં પણ પ્રીતિપૂર્વક ઉચ્ચારાયેલાં આ કટુવચનોમાં પણ આપ અમૃતની જ કલ્પના કરજો !

## हे जगविभु !

जिस तरह पंडित पुरुष मेरे नेत्र युगल तथा मुख को देखकर कमल की कल्पना करते हैं, उसी तरह आपके विरह की वेदना से पीडित मेरे द्वारा कठोर फिर भी प्रीतिपूर्वक उच्चरित इन कटुवचनों में भी आप अमृत की ही कल्पना करना !

## *Oh God of this world!*

Wise men, after looking at my eyes and mouth, compare my countenance with a lotus flower! I plead to you to look at my words, though they are rude but spoken with lot of love while I struggle this unbearable pain of separation, as nothing but pure nectar!



मत्स्वाम्यहं च मुखनेत्रजितावमुष्या,
नीतोष्णतामिति मदेन मृगेण मन्ये;
दाहाय मे प्रकृतिरीश ! विधोर्यथाऽस्ति,
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥३३॥

**હે નાથ !**

હરણ કહે છે, "મારા સ્વામી (ચન્દ્ર) અને હું (હરણ) આના (રાજીમતીના) મુખ અને નેત્ર વડે જીતાઈ ગયા છીએ." (અર્થાત્ રાજીમતીનું મુખ ચન્દ્રથી વધુ મનોહારી છે અને રાજીમતીના નેત્રો હરણ કરતાં વધુ સુંદર છે, તેથી ચન્દ્ર અને હરણ રાજીમતીના મુખ અને નેત્રોથી જીતાઈ ગયા છે.) આવું વિચારતાં કોપાયમાન થયેલા હરણ વડે ઉદરમાં રહેલી કસ્તુરીના સંગથી ઉષ્ણતાને પામેલી ચન્દ્રની સૌમ્ય પ્રકૃતિવાળી જ્યોત્સના (ચાંદની) પણ જો આજે મને (આપના વિરહની વેદનાને કારણે) પરિતાપ આપનારી થાય છે, તો ઉગ્ર પ્રકૃતિવાળો પ્રકાશમાન એવો ગ્રહનો સમુદાય મને સંતાપ આપનારો કેમ ન થાય ?

## हे नाथ !

(हिरण कहता है) ''मेरा स्वामी (चन्द्र) और मैं (हिरण) इसके (राजीमती के) मुख और नेत्रों से पराजित हो गए हैं ।'' (अर्थात् राजीमती का मुख चन्द्र से भी अधिक मनोहर है और राजीमती के नेत्र हिरण से भी अधिक सुंदर हैं, इसलिए चन्द्र और हिरण राजीमती के मुख और नेत्रों से पराजित हुए हैं ।) ऐसा विचार करते हुए कोपायमान बने हिरण के द्वारा (पेट में रही कस्तुरी के संग से) उष्णता को प्राप्त चंद्र की सौम्य प्रकृतिवाली ज्योत्सना (चांदनी) होने के बावजूद भी यदि आज मुझे (आपके विरह की वेदना के कारण ) परिताप दे रही है, तो उग्र प्रकृतिवाला प्रकाशमान ग्रह का समूह मुझे संताप करवानेवाला क्यों न हो ?

## *Oh Lord !*

The deer says, "My Lord (Moon) and I (Deer) have been won of by her (Raajimati's) eyes and countenance!" (Meaning Raajimati's countenance is more beautiful than the moon and her eyes are more beautiful than that of a deer hence the moon and deer have been won over by her). The deer that possesses musk in its naval, gets angry with this thought and the anger causes the otherwise tranquil and highly cool moonlight to burn with anger, and this moonlight is also causing pain to me (who is already in pain due to the separation). Then of course this universe which is illuminated in every corner will only bring severe pain to me.



अत्रैव पश्य परमां पर ! कैरविण्यां,
ज्योत्स्नाप्रिये च वितनोति रतिं शशाङ्कः;
स्नेहान्वितः परिवृढो विमुखोऽयनं हि,
दृष्ट्वाऽभयं भवति नोभवदाश्रितानाम् ॥३४॥

**હે શ્રેષ્ઠપુરુષ !**


આપ આ જગતમાં જ જુઓ ! (દૃષ્ટિ કરો !) કે પ્રીતિયુક્ત એવા કુમુદિની અને ચકોર પક્ષી જેવા આશ્રિતજનોનો માર્ગ નિર્ભય જાણીને ચન્દ્ર પણ તે બંને પ્રત્યે પોતાની ઉત્કૃષ્ટ પ્રીતિને વિસ્તારે છે પરંતુ તેનાથી વિમુખ થતો નથી. તો આપના પ્રત્યે આઠ આઠ ભવોની પ્રીતિના નાતે પણ આપ મારા પ્રત્યે પ્રીતિવાન્-રાગવાન્ કેમ થતા નથી ? તે સમજાતું નથી. (શું મારા તરફનો માર્ગ આપને ભયજનક જણાય છે ? તે માટે મારાથી વિમુખ થઈ રહ્યા છો ?)

## हे श्रेष्ठपुरुष !

आप इस जगत की तरफ दृष्टि करो कि प्रीतियुक्त कुमुदिनी और चकोर पक्षी जैसे आश्रितजनों की और जाता मार्ग निर्भय जानकर चन्द्र भी उन दोनों के प्रति अपनी उत्कृष्ट प्रीति विस्तृत करता हैं, परन्तु उनसे विमुख नहीं होता। तो आप मेरे प्रति आठ-आठ भवों की प्रीति के नाते भी मेरे प्रति प्रीतिवान्-रागवान् क्यों नहीं बनते ? समझ में नहीं आता। (क्या मेरी तरफ का मार्ग आपको भयजनक लगता है ? इसलिए आप मुझसे विमुख हो रहे हो ? )

## *Oh The Most Righteous Man!*

Have a look at this world! (Just see) Even the moon shows and expands its zone of affection towards Kumudini and bird Chakor who are looking at the moon with love and seek its shelter. The moon doesn't turn away from them. Then how come you don't get attracted by and attached to me, whom you have been attached to since your last eight births! I fail to comprehend this mystery! Do you think that the path that leads to me is dangerous? Is this the reason that you remain detached towards me?



माकन्दवृन्दवनराजिपदे निरेनो
ऽसह्योऽप्यहो ! सकलकेवलसम्पदाप्तेः;
सालत्रयं भविभृतं भुवि मोहभूपो,
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ।।३५।।

**હે નિષ્પાપ પ્રાણનાથ !**

આમ્રવૃક્ષોની વનરાજીવાળા સહસાવનમાં સંપૂર્ણ કેવલજ્ઞાનરૂપી સંપત્તિને પામેલા આપના ચરણ યુગલરૂપી પર્વત છે આશ્રિત જેમાં તેવા તથા ભવ્ય આત્માઓથી સંપૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે તેવા ત્રણ ગઢયુક્ત આ અદ્‌ભુત સમવસરણને જોઈને સામાન્યથી અન્યનો ઉત્કર્ષ કે વિશેષતાને સહન નહીં કરી શકતો એવો ઈર્ષ્યાળુ સ્વભાવવાળો હોવા છતાં આ મોહરાજા આપના આ ત્રણ ગઢની ભવ્ય શોભાની સામે આક્રમણ કરતો નથી, તે આ ભૂમિ ઉપરનું એક આશ્ચર્ય જણાય છે.

## हे निष्पाप प्राणनाथ !

आम्रवृक्षों की वनराजीवालें सहसावन में संपूर्ण केवलज्ञान रूपी संपत्ति को प्राप्त आपके चरण युगल रूपी पर्वत जहाँ आश्रित है तथा भव्य आत्माओं से संपूर्णतया भरे हुए तीन गढ युक्त इस अद्भूत समवसरण को देखकर, सामान्य से अन्य का उत्कर्ष अथवा विशेषता को सहन नहीं करनेवाला, ईर्ष्यालु स्वभाववाला मोहराजा होने पर भी आपके इन तीन गढ की भव्य शोभा के सामने आक्रमण नहीं कर रहा हैं, यह इस भूमि का एक आश्चर्य है ।

## *Oh Pious Beloved !*

Your couple of feet are like mountains in this forest full of mango trees - Sahsavan, where Lord ! you received the wealth of omniscience in form of Kevalgyaan. The beauty of the Samavasaran, surrounded by these row of mountains, is never attacked by the Mohraaja (the king of attraction and lust) who otherwise is envious of anybody's progress or characteristics. This itself is a great fascinating tale of this land.



इत्युत्सुका गतिविनिर्जितराजहंसी,
'राजीमती' दृढमतिः सुसती यतीशम्;
इन्द्रैः स्तुतं ह्युपययाविति नोऽसुखाग्निं,
त्वन्नामकीर्त्तनजलं शमयत्यशेषम् ।।३६।।

મારા સ્વામી પાસે મોહરાજા પણ મીણ જેવો બની જાય છે એમ જાણીને આતુર બનેલી તથા ''હે નાથ ! આપના નામનું કીર્તનરૂપી જલ અમારા સમસ્ત દુઃખાગ્નિને શાંત કરે છે.'' આ રીતે ઈન્દ્ર વડે સ્તુતિ કરાયેલા નેમિપ્રભુની પાછળ પાછળ નિશ્ચલ બુદ્ધિવાળી, ઉત્તમ એવી સતી રાજીમતી જાણે કે રાજહંસીની ગતિનો પણ પરાભવ ન કરતી હોય ? તેવી ગતિથી ગમન કરે છે.

પ્રભુ પ્રત્યેની અપાર પ્રીતિના કારણે સતત ઉપાલંભની વર્ષા વરસાવ્યા બાદ વાસ્તવિકતાનો સ્વીકાર કરી રાજીમતી પ્રભુના માર્ગે વિચરવાની ભાવના તરફ વળે છે ત્યારે બસ ! હવે તે પ્રભુના એક પછી એક ગુણોની સ્તુતિ કરવા માંડે છે.

અને કહે છે-

मेरे स्वामी के पास मोहराजा भी मोम जैसा बन जाता है, ऐसा जानकर आतुर बनी उत्तम सती राजीमती तथा "हे नाथ ! आपके नाम का कीर्तन रूपी जल हमारे समस्त दुःखाग्नि को शांत करता है ।" इस तरह इन्द्र के द्वारा स्तुति किए हुए नेमिप्रभु के पीछे पीछे निश्चल बुद्धि से राजीमती जैसे राजहंसी की गति का भी पराभव न करती हो ? वैसी गति से गमन करती है ।

प्रभु के प्रति अपार प्रीति के कारण सतत उपालंभ की वर्षा करने के बाद वास्तविकता का स्वीकार करके राजीमती प्रभु के मार्ग पर विचरण करने की भावना से एक के बाद एक प्रभु के गुणों की स्तुति करने लगती है और कहती है–

On hearing that the King of Desires also melts like wax in front of Neminath Prabhu, very intelligent and a very righteous woman Raajimati, like a swan, started following Neminath Prabhu for whom it is said that, 'The water in form of Neminath Prabhu's name is capable of dowsing the fire of pain and sufferings'.

Raajimati remained insane under the influence of immense attachment and love towards Neminath Prabhu but finally she accepted the reality and turned towards the path on which Prabhuji had moved on. She starts to sing songs of Prabhu's glory and says ...



मत्तालिपाटलमलीमसकामभोगी,
योगीश ! दुर्धरकषायफटोत्कटाक्षः;
जय्यो जवेन जठरात्तजनोऽपि तेन,
त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥३७॥

**હે યોગીશ્વર !**

જે મનુષ્યના હૃદયકમળમાં તમારા નામ સ્તવનરૂપી નાગદમની (સર્પદંશના વિષનું હરણ કરનારી ઔષધિ) છે, તે મનુષ્ય નામરૂપી ઔષધિ વડે દુર્ધરકષાયરૂપી ફણા વડે તીવ્ર કામોત્તેજિત નેત્રોવાળા, વળી અનેક મનુષ્યનું ભક્ષણ કરનાર, મદોન્મત્ત ભ્રમરોના સમુહથી પણ વિશેષ કાળા એવા પણ કામદેવરૂપી સર્પને વેગપૂર્વક જીતી શકે છે. અર્થાત્

આપના નામનું રટણ-સ્મરણ અને સ્તવન કરનારના કામવાસનારૂપી કાતીલ ઝેરનું પણ શીઘ્રતયા વમન થઈ જાય છે.


## हे योगीश्वर !

जिस मनुष्य के हृदयकमल में आपके नामस्तव रूपी नागदमनी (सर्पदंश के विष को नाश करनेवाली औषधि) है, वह मनुष्य उस नाम रूपी औषधि के द्वारा दुर्धर कषाय रूपी फणा से तीव्र कामोत्तेजित नेत्रोवाले, अनेक मनुष्यों का भक्षण करनेवाले, मदोन्मत्त भ्रमरों के समूह से भी विशेष काले कामदेव रूपी सर्प को वेगपूर्वक जीत सकता है । अर्थात् आपके नाम का रटन-स्मरण और स्तवन करनेवाले के कामवासना रूपी कातिल विष का भी शीघ्रतया वमन हो जाता है ।

## *Oh Yogishwar !*

That human being, whose heart is full of the antidote in form of your Stavans (Antidote kills the effect of poisonous snake-bite), can quickly defeat (with the use of this antidote) this snake in the form of Kaamdev (God of Love) - this snake with sensuous lustful eyes, this snake that has defeated and killed many a human beings, this snake that is darker than a mob of crazily drunk bees. Meaning ...

The effect of the poison of lust and desire can be quickly killed just by the recital of songs and stavans singing the glory of your name!



कालोपमं विशददर्शनकृत्यशून्यं,
पक्षद्वयात् सदसतो धृततर्कजालम्;
मिथ्यात्विशासनमिदं मिहिरांशुविद्धं,
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥३८॥

**હે નેમીશ્વર !**


જેમ પ્રભાતે સૂર્યનું આગમન થતાં તેના સહસ્રકિરણોથી ભેદાયેલ અંધકાર તાત્કાલિક નાશ પામે છે, તે જ રીતે આપના નામકીર્તનના પ્રબળ પ્રભાવથી અત્યંત વિનાશક, નિર્મળદર્શનથી રહિત વળી સત્-અસત્ એમ બે પક્ષની તર્કજાળથી યુક્ત એવું મિથ્યાત્વીઓનું શાસન પણ શીઘ્ર નાશ પામે છે.

## हे नेमीश्वर !

जिस तरह प्रभात में सूर्य का आगमन होते ही उसके सहस्त्रकिरणों से अंधकार तत्काल नाश होता है, उसी तरह आपके नामकीर्तन के प्रबल प्रभाव से अत्यंत विनाशक, निर्मल दर्शन से रहित, सत्–असत् दो पक्षों के तर्कजाल से युक्त ऐसे मिथ्यात्वियों का शासन भी शीघ्र नाश होता है।

## *Oh Nemishwar!*

The way thousand rays of the rising sun destroy the darkness, similarly, worshipping your name has the potential to destroy quickly the kingdom of false believers adorned with ignorance and disbelief which is based upon the duality of what is true and what is false!



रत्नत्रयं निरुपमं नरराजहंसाः,
संवित्तिदर्शनचरित्रमयप्रकाशम्;
क्षित्याप्तसंसृतिपरिश्रमदुःखदाहं,
त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ।।३९।।

**હે જગસાર્થવાહ !**

જેના સાંસારિક પરિશ્રમ અંગેના દુઃખનો સંતાપ નાશ થયેલો છે એવા આપના ચરણકમળરૂપી વનનો આશ્રય લેનારા શ્રેષ્ઠ મનુષ્યરૂપી રાજહંસો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપી અનુપમ એવા ત્રણ રત્નોનાં સમુદાય (રત્નત્રયી) ને પામે છે.

## हे जगसार्थवाह !

जिनका सांसारिक परिश्रम विषयक दुःख के संताप का नाश हुआ है ऐसे आपके चरणकमल रूपी वन का आश्रय लेनेवाले श्रेष्ठ मनुष्य रूपी राजहंस सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यग्चारित्र रूपी अनुपम ऐसे तीन रत्नों का समूह (रत्नत्रयी) प्राप्त करते हैं।

## *Oh Charioteer of the World!*

Those who accepted the shelter of your lotus feet, resembling a pleasing forest, who has crushed the pain caused by the birth-nuclies, such human beings, who are as pure as swans, can attain the three gems namely - Samyag Darshan, Samyag Gyaan and Samyag Charitra! (Right Belief, Right Knowledge and Right conduct.)



वित्तेन साधकतमेन सुनद्धभावात्,
कैवल्यनार्युरसिजैकरसाभिलाषाः;
सम्यक्प्रमादसुभृतोऽव्ययतां त्वदीयात्,
त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥

**હે નેમિવર !**

જગપ્રસિદ્ધ એવા ઉત્તમકરણ વડે હેયજ્ઞેયાદિક પદાર્થોને આત્મસાત્ કર્યા છે તથા જે શુભજ્ઞાનના સ્વામી છે એવા આપના નામસ્મરણમાત્રથી મુક્તિરૂપી લલનાના પુષ્ટ વક્ષસ્થળના મર્દનનો અનન્ય આનંદ માણવાની તીવ્ર અભિલાષાવાળા જીવો ભવસંસારના ત્રાસથી પાર પામી અક્ષયપણાને પામે છે.

(૩૬મા શ્લોકથી રાજીમતી દ્વારા થયેલી નેમિપ્રભુની સ્તુતિ અત્ર પૂર્ણ થાય છે અને હવે પ્રભુના વિરહની વેદનાથી વૈરાગ્ય પામેલી રાજીમતીની દીક્ષા-કેવલજ્ઞાન અને મુક્તિપદની પ્રાપ્તિની વાત આગલા શ્લોકમાં કરે છે.)

## हे नेमिवर !


जगप्रसिद्ध ऐसे उत्तमकरण के द्वारा हेय-ज्ञेयादिक पदार्थों को आत्मसात् करनेवाले, शुभज्ञान के स्वामी ऐसे आपके नामस्मरण मात्र से मुक्ति रुपी ललना के पुष्ट वक्षस्थल के मर्दन का अनन्य आनंद प्राप्त करने की तीव्र अभिलाषावाले जीव, भवसंसार के दुःख को पार करके अक्षयसुख को प्राप्त करते हैं।

(३६ वें श्लोक से राजीमती के द्वारा शुरू की गयी नेमिप्रभु की स्तुति यहाँ पूर्ण होती है। अब प्रभु के विरह की वेदना से वैरागी बनी राजीमती की दीक्षा-केवलज्ञान तथा मुक्तिपद की प्राप्ति की बात अगले श्लोक में करते हैं।)

## *Oh Nemivar!*

You have distinguised everything as to be ignored or to be known by your divine omniscience. By reciting your name with the desire to feel the pleasure of caressing the breasts of the woman in form of Moksha, Souls get liberated from the struggles of this cycle of birth and death and attain immortality!

(With the 36th Shloka the recital started by Raajimati gets completed here. Rest of the Shlokas will talk about how Raajimati, with immense pain due to the separation from Neminath Bhagvan, starts walking on the path towards renunciation of the world and eventualy attains the ultimate liberation- Moksha)




पीत्वा वचो जिनपतेरधिगम्य दीक्षा,
साऽथार केवलमनन्तसुखं च मोक्षम्;
आश्रित्य सिद्धवरवस्त्वगदा हि के नो,
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ? ॥४१॥

વિશ્વવત્સલ એવા નેમિપ્રભુના પગલે પગલે પ્રભુની વાટે વિચરવા પ્રયાણ આદરેલ રાજીમતી નેમિપ્રભુના વચનામૃતનું પાન કરીને દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન અને અનંત સુખાત્મક મુક્તિપદને પ્રાપ્ત કરે છે. કારણકે સિદ્ધવૈદ્યની ઉત્તમ ઔષધિનું અનુપાનપૂર્વક સેવન કરનાર કઇ વ્યક્તિ રોગમુક્ત બની કામદેવ જેવી કંચન કાયાવાળા અનુપમ રૂપને ધારણ ન કરે ?

विश्ववत्सल नेमिप्रभु के मार्ग पर प्रयाण करती राजीमती नेमिप्रभु के वचनामृत का पान करके दीक्षा ग्रहण करके केवलज्ञान तथा अनंत सुखात्मक मुक्तिपद को प्राप्त करती है । क्योंकि सिद्धवैद्य की उत्तम औषधि का अनुपानपूर्वक सेवन करनेवाली कौनसी व्यक्ति रोगमुक्त बनकर कामदेव जैसी कंचन कायावाले अनुपम रुपको धारण न करे ?

Having drank the sweet nectar in form of Nemi Prabhu's words, Raajimati started walking on the path following his footsteps and renounced this world. She attained Kevalgyaan as well as the ultimate happiness in form of ultimate emancipation. Who would not attain disease free condition and a shining body like that of Kaamdev after drinking the most sacred medicine prescribed by a well experienced doctor ?



कॉँस्कान् नवानि हसिताब्जशुचीन् गुणांस्ते,
येऽनादितो विषमबाणभटेन नद्धाः;
राज्ञि त्वयीश ! मनुजाः सति सार्वभौमे,
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥४२॥

**હે ગુણરત્નાકર !**


હું પૂર્ણ વિકાસ પામેલા એવા મનોહર કમળ સમાન પવિત્ર એવા તમારા કયા કયા ગુણોની સ્તુતિ કરું ? આપને મોક્ષપદરૂપી ચક્રવર્તીપણાની પ્રાપ્તિ થવાથી જે માનવો અનાદિકાળથી કામદેવરૂપી સુભટો વડે સંસારરૂપી બંદીખાનામાં બંધાયેલા હતા તેઓ સંસારના ભયથી સર્વથા મુક્ત બનીને શિવરમણીને વરે છે.

## हे गुणरत्नाकर !

मैं, पूर्ण विकसित मनोहर कमल समान पवित्र ऐसे आपके कौन–कौन से गुणों की स्तुति करुँ ? आपके मोक्षपदरूपी चक्रवर्तीत्व को प्राप्त करने से जो मानव, अनादिकाल से कामदेव रुपी सुभटों के द्वारा संसार रुपी कैदखाने में कैद थे, वे संसार के भय से सर्वथा मुक्त बनकर शिवरमणी को प्राप्त करते हैं।

## *Oh Gem of all Virtues!*

Your character is as pure as the fully blossomed virtuous lotus. Which virtues shall I describe in my hymns and songs? After you attained the ultimate emancipation, those who were living in the bondage of love and lust since ages have freed themselves completely from the attachment of worldly pleasures.



सद्ब्रह्मचार ! जिन ! 'यादव' वंशरत्न !
'राजीमती' नयनकोकविरोकितुल्य !;
जुष्टः श्रिया सकलयैकपदे भवेत् स,
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४३॥

**હે સદ્બ્રહ્મચારી !**

હે નેમિજિનેશ્વર !

હે યાદવવંશના અણમોલ રત્ન !

હે રાજીમતીના નેત્રરૂપી ચક્રવાકને અત્યંત આહ્લાદ કરનારા તેજસ્વી સૂર્ય !

જે બુદ્ધિમાનજનો આપના ગુણોની સ્તવના કરે છે તે ઝડપભેર સકલલોકને વલ્લભ એવી શુદ્ધ હેમસ્વરૂપ મોક્ષલક્ષ્મીના સ્વામી બને છે.

## हे सद्ब्रह्मचारी !

हे नेमि जिनेश्वर !

हे यादव वंश के अनमोल रत्न !

हे राजीमती के नेत्ररुपी चक्रवाक को अत्यन्त आह्लादक तेजस्वी सूर्य !

जो बुद्धिमानजन आपके गुणों की स्तवना करते हैं वे, शीघ्रतया सकललोक को प्रिय ऐसी शुद्ध हेमस्वरुप मोक्षलक्ष्मी के स्वामी बनते  हैं ।

## *Oh Ever Celibate Lord !*

Oh Nemi Jinewshvar!

Oh The Gem of Yaadav Dynasty!

Oh The glorious sun that renders peace to Raajimati's beautiful eyes similar to chakravak !

Those intellectuals who sing the glorious songs of your virtues shall, in very less time, become the master of wealth in form of ultimate emancipation!



हारावलीं नुतिमिमां द्युतिसन्ततीद्धां,
कण्ठे दधाति महिमाप्रभसूरिराजः;
यस्ते सदैव रुचिराश्रितभावरत्नां,
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥ ४४॥

**હે દેવાધિદેવ !**

જેના મહિમાની પ્રભા સર્વત્ર પ્રસરેલી છે એવા જે પંડિતરાજ, કાંતિ (સૌંદર્ય)ની હારમાળા વડે પ્રકાશિત એવી તથા મનોહર તેમજ પરોવેલાં ભાવરૂપી રત્નોવાળી એવી આ આપની સ્તુતિરૂપી હારાવલીને હંમેશા કંઠમાં ધારણ કરે છે, માનથી ઉન્નત એવા તે મનુષ્ય પાસે સ્વતંત્ર લક્ષ્મી જાય છે.

અર્થાત્ જે મનુષ્યો આપના યશોગાન ગાય છે તે સર્વદા (આત્મ) લક્ષ્મીને પામે છે.

## हे देवाधिदेव !

जिनकी महिमाकी प्रभा सर्वत्र प्रसरित है ऐसे पंडितराज, कांति (सौंदर्य) की हारमाला के द्वारा प्रकाशित तथा मनोहर भावरुपी रत्नों से गूंथी गयी आपकी यह स्तुति रुपी हारावली, मान से उन्नत ऐसे जो मनुष्य सदा कंठ में धारण करते हैं, उनके पास स्वतंत्र लक्ष्मी जाती है।

अर्थात् जो मनुष्य आपके यशोगान गाते हैं, वे सर्वदा (आत्म) लक्ष्मी प्राप्त करते हैं।


## *Oh Lord of all celestial Beings!*

Panditraj scholar, the light of whose power has spread across the world, adorns his body with this garland in form of the constant recital of the songs of your glory, garland which is formed with the pearls shining because of your divine beauty and glory. Wealth itself goes to such highly righteous men.

Meaning, the human beings who will constantly recite the songs of your glory shall definitely receive wealth (in form of spiritual wealth).

गिरनारी

# नेमिभक्तामर



Kirit Graphics
9898490091